The Atmanand Prakash. REGISTRED O. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्ठं
शुद्ध सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवान्ति॥ १॥

पु. १४. } वीर संवत् २४४३ ज्येष्ठ. आत्म सं. २२. } अंक ११ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શાંતિનાથ પ્રભુને અભ્યર્થના, | ૨૫૫ | ૬ | આ સભાનો બાવીશમો વાર્ષિક મહોત્સવ.... ... ... | ૨૮૦ |
| | શ્રી વિજયાનંદસૂરિ ગુરૂસ્તુતિ. | ૨૫૫ | ૭ | મુનિ મહારાજ કાંન્તિવિજય તથા વલ્લભવિજયજીનું મુંબઇમાં આવાગમન. ... | ૨૮૨ |
| ૨ | શ્રીમદ્ વિજયાનંદસૂરિની જયંતિ પ્રસંગે ગવાયેલું પદ. ... | ૨૫૬ | ૮ | વર્તમાન સમાચાર, જયંતી વ. | ૨૮૪ |
| ૩ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ૨૫૭ | ૯ | એક અયોગ્ય પગલું ... | ૨૯૨ |
| ૪ | માનસિક મિત્રો અને શત્રુઓ. | ૨૬૩ | | | |
| ૫ | મનોદ્રવ્ય. ... ... ... | ૨૬૯ | | | |


વાર્ષિક મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**વી. પી. શરૂ થયા છે. ગ્રાહકોએ સ્વીકારવા કૃપા કરવી.**

**અમારા માનવંતા ગ્રાહકોને ખુશખબર.**

**ચૌદમા વર્ષની અપૂર્વ ભેટ.**

# શ્રી અનુયોગદ્વાર સૂત્રનો સંક્ષિપ્ત સારાંશ.

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇએ છીએ કે દર વર્ષ મુજબ આ વર્ષે પણ ધારા મુજબ પ્રત્યેક જૈન બંધુઓ અને બ્હેનોને પઠન-પાઠનમાં ઉપયોગી અવશ્ય જ્ઞેય, યોગ્ય દ્રવ્યાનુયોગનો ( આગમનું રહસ્ય. જણાવનાર ) ખરેખરો ઉપયોગી **શ્રી અનુયોદ્વાર સૂત્ર સંક્ષિપ્ત સારાંશ** ગ્રંથ અમારા કદરદાન ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક તરીકે આપવાનું પસંદ કરવામાં આવ્યું છે. જેનું વી૦ પી૦ મોકલવા શરૂ થયેલા છે.

આ ગ્રંથ સિદ્ધાંતનો છે તે સૂત્રના કર્ત્તા શ્રીમાન **સુધર્મગણધર મહારાજ** છે. તેમજ આ સૂત્રની ટીકાના કર્ત્તા શ્રીમાન મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ કે જે નવાંગી ટીકાકાર મહારાજ શ્રી અભયદેવસૂરિ મહારાજના શિષ્ય છે. હાલમાં ચાલતી આગમવાચનામાં પંન્યાસજી શ્રી દેવવિજયજી મહારાજે આ સિદ્ધાંતનો બોધ ગ્રહણ કરેલો, તેના રહસ્ય સંક્ષિપ્ત સારાંશરૂપે અન્ય જૈન બંધુઓને લાભ આપવાના ઇરાદાથી આ કૃતિ માટે સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.

આ મુજબ પૂર્વાચાર્યના બનાવેલ સૂત્રની મૂળ તથા ટીકામાંથી ઉદ્ધાર કરી સારાંશ ખેંચી આ ગ્રંથની યોજના કરેલી છે, આ સૂત્ર દરેક શાસ્ત્રની કુંચીરૂપ છે જેથી સિદ્ધાંતરૂપ નગરમાં પ્રવેશ કરવાને માટે આ સૂત્ર-આ ગ્રંથ એક ચાવીરૂપ છે. સ્વલ્પ બુદ્ધિવાળા જીવોને સિદ્ધાંતમાં પ્રવેશ થવા માટે નિસરણીરૂપ અને હાલમાં સૂત્રોની અંદર ઉત્સાહિત થયેલા જૈન બંધુઓને તેમાં રહેલા અપૂર્વ રહસ્યની પ્રાસાદિરૂપ હોવાથી, ગ્રાહકોના હૃદયમાં સૂત્રો ઉપર બહુમાન પ્રગટ થવા સાથે ભવિષ્યમાં તે વાંચવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકે તેવું છે.

દશ માસ થયા ગ્રાહકો થઇ રહેલા અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશે જ, એમ અમોને સંપૂર્ણ ભરોસો છે **છતાં અત્યારસુધી ગ્રાહક રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય, અથવા છેવટે બીજા બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણા જ અમોને લખી જણાવવું, કે જેથી નાહક પોસ્ટના પૈસાનું નુકશાન સભાને ખમવું પડે નહિ તેમજ અમોને તથા પોસ્ટખાતાને નકામી તસ્દીમાં ઉતરવું ન પડે. તેટલી સુચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતી છે.**

---

તૈયાર છે ! “ જૈન ઐતિહાસિક ગ્રંથ. ” તૈયાર છે !

## शत्रुंजय तीर्थोद्धार प्रबंध.

**( સંસ્કૃત ગ્રંથ. )**

**संपादक—मुनिराजश्री जिनविजयजी महाराज.**

તિર્થાધિરાજ શ્રીશેત્રુંજયના વર્ત્તમાન ઉદ્ધારના કર્ત્તા પ્રભાવક **શ્રીકર્માશાહ**ના સુનામથી કયો જૈન અજાણ્યો હશે ? તેમજ તે મહાપુરૂષના પવિત્ર જીવનવૃત્તાંત જાણવા માટે કોણ ઉત્સુક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय—
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४३, ज्येष्ठ, आत्म संवत् २२. [ अंक ११ मो.

## श्री शांतिनाथ प्रभुने अभ्यर्थना.

( શાર્દૂલ વિક્રીડિત )

જેની દિવ્ય [1]પ્રભાથકી જગતના જીવો વહે શાંતિને,
જેનું નિશ્ચળ ચિત્ત [2]દુઃપરિસહે ધારે નહિ [3]કલાંતિને;
જેનાં મંગળ ગાન વિઘ્ન હરવા અદ્યાપિ સૌ ઉચ્ચરે,
પ્રેરે શાંતિ જિનેશ શાંત [4]વીચિઓ આનંદના સાગરે.

## श्री विजयानंदसूरि गुरु स्तुति.

( શિખરિણી )

વહી આનંદે આ જગતમહિં ચારિત્રની [5]ધુરા,
જગાડી નિદ્રાથી ભરતભૂમિને મોહ [6]પ્રચુરા;
ભરી [7]આંતર્ઋદ્ધિ ભવિક જનમાં સ્વાત્મબળથી,
મળ્યું સત્યજ્ઞાન સ્વરૂપ વિજયાનંદ સૂરિથી.

F.

૧ કાંતિ. ૨ પ્રતિકૂળ ઉપસર્ગોમાં પણ. ૩ ખેદ. ૪ કલ્લોલો. ૫ ધુંસરી. ૬ મિથ્યાત્વ મોહથી વ્યાપ્ત. ૭ જ્ઞાનાદિ સમૃદ્ધિઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " श्रीमद् विजयानंदसूरिनी जयंती प्रसंगे. "

## પદ.

( રાગ કાફી જિલ્લો, તાલ એક તાલ–દાદરો. )

સદ્‌ગુરૂ કૃપાનિધાન ! અમૃતવાણી વર્ષતા;
ભવ્ય ભરત ભૂમિમાં–વિજ્ઞાન ક્ષેત્ર કર્ષતા. સદ્‌ગુરૂ ! ૦ ૧

સત્યજ્ઞાન આપી દાન ! વાદિ સંશયો હર્યા;
દમન કરી દીનભાવ ! હૃદય સત્ત્વ બળ ભર્યા. સદ્‌ગુરૂ ! ૦ ૨

જ્ઞાન ધ્યાન તપ વિષે સદા પ્રવૃત્તિ આદરી;
વિશદ ધર્મ–જૈનધર્મની મહત્વતા કરી. સદ્‌ગુરૂ ! ૦ ૩

ચિકાગો પાર્લ્યમેંટમાંહિ ! જૈન જ્યોતિ પ્રેરતા;
તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંત વીરચંદ્ર વેરતા. સદ્‌ગુરૂ ! ૦ ૪

વૃદ્ધિચંદ્ર, મૂલચંદ્ર–વડીલ બંધુ વિનયપ્રેમ !
ભક્તિભાવ હૃદય ધારી આત્મશુદ્ધિ યોગક્ષેમ. સદ્‌ગુરૂ ! ૦ ૫

વિશાલ ભાલ ક્ષાત્ર તેજ ! સૂચવતું હતું સદા;
ગીતાર્થ ભાવી કરી-ઉદ્ધાર–કીર્તિ વાધશે મુદા. સદ્‌ગુરૂ ! ૦ ૬

આદર્શ જૈન તત્ત્વનાં કરાવી તત્ત્વનિર્ણયે;
અજ્ઞાનતિમિર ભાસ્કરાદિ–ગ્રંથ ઋદ્ધિ શર્ણએ. સદ્‌ગુરૂ ! ૦ ૭

વર્ષ બાવીશે સ્વચિત્ત–ભક્તિરંગથી અમે;
વિજયાનંદ ચરણ કમળ વંદતાં સુખી ક્રમે.
કૃપાનિધાન ! આત્મારામ અમૃતવાણી વર્ષતા. ૮

જ્યેષ્ઠ શુક્લ અષ્ટમી.
આત્મ સં. ૨૨

શા. ફતેચંદ ઝવેરભાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैन ऐतिहासिक साहित्य.

( ગતાંક ૯ માના પૃષ્ટ ૨૨૦ થી શરૂ. )

## હાથીગુફા.

હાથીગુફા એક નૈસર્ગિક ગુફા છે. તેના ઉપર ઘણીજ થોડી કારીગરી કરવામાં આવી છે અને જો કે શિલ્પીની નજરથી તે બહુ ઉપયોગી નથી તો પણ ત્યાંની સર્વ ગુફાઓ કરતાં તે ઘણીજ મહત્ત્વની છે. કારણકે તેમાં એક મોટો લેખ છે, જેમાં કલિંગના એક રાજાનું સ્વવૃત્તાંત લખેલું છે. ડાકટર ભગવાનલાલના વાંચ્યા પહેલાં આ લેખ હિંદુસ્તાનમાં જુનામાં જુનો ગણાતો અને જો કે હાલ તે પ્રમાણે મનાતું નથી તો પણ આ ગુહાની ઉપયોગિતા જરાપણ ઓછી થઇ નથી.

એને પ્રથમ શોધી કાઢનાર મી. એ. સ્ટર્લીંગ હતા. અને કર્નલ મેકેન્ઝીની મદદથી ૧૮૨૦ માં તેની નકલ લીધી અને પોતાના ઘણા ઉપયોગી લેખ “ એન એકાઉન્ટ, જોગ્રાફીકલ, સ્ટેટીસ્ટીકલ, એન્ડ હીસ્ટોરીકલ ઑફ ઓરિસ્સા પ્રોપર, ઑર કટક ” ( An Account Geogrophical, Statistical, and Historical of Orissa Proper or Cattack ) સાથે એશીયાટીક રીસર્ચીસ ( Asiatic Researches ) પુ. ૧૫ માં ૧૮૨૪ માં ભાષાંતર વિના પ્રકાશિત કર્યો. મી. સ્ટર્લીંગ આ લેખ વાંચવાને અશક્તિમાન હતો અને તેથી ગ્રીક અક્ષરો સાથે તેના અક્ષરોની સરખામણી, તથા હિંદુસ્તાનના જુદા જુદા ભાગોના લેખોમાંના અક્ષરો સાથે મેળવવા સિવાય તે કાંઇ કરી શકે તેમ નહોતો.

૧૮૩૭ માં ‘ જર્નલ ઑફ ધી એશિયાટીક સોસાયટી ’ પુ. ૬ માં, લેફ્ટેનન્ટ કીટોની નકલ ઉપરથી જેમ્સપ્રીન્સેપે ભાષાંતર તથા નકલ સહિત આ લેખ પ્રકાશિત કર્યો છે. તેમના કરેલા ભાષાંતર ઉપરથી અહીંના વિદ્વાનોનું ધ્યાન તે તરફ ખેંચાયું. ડાકટર રાજેન્દ્રલાલે તે લેખ પુનઃ તપાસી જોયો અને ૧૮૮૦ માં કેટલાક ફેરફારો સહ ‘ એન્ટીકવીટીઝ ઓફ ઓરિસ્સા ’ પુ. ૨ માં પ્રકાશિત કર્યો.

પ્રીન્સેપ તથા મિત્રનો મત એવો છે કે એ લેખ કલિંગના રાજા ઐરનો હતો, જે રાજા મૂળ રાજ્ય પચાવી પડયો હતો અને જેણે ઘણું દાન કર્યું, તળાવો ખોદાવ્યાં અને આવાંજ બીજાં જનહિતનાં કામો કરીને લોકોનો માનીતો થયો. પ્રીન્સેપના મત પ્રમાણે એ લેખ ઇ. સ. પૂર્વે ૨૦૦ વર્ષથી જુનો નથી. ‘ કૉરપસ ઇન્ડીસ્ક્રીપ્શ્યોનમ્ ઇંડીકેરમ્ ’ ( Corpus Inscriptionum Indicarum ) ના કર્તા પ્રીન્સેપના મતને મળે છે અને ધારે છે કે એ લેખ અશોકના લેખોથી જુનો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇ. સ. પૂર્વે બીજા સૈકાના છેલ્લા પચીસ વર્ષમાં થએલો છે. 'કારણકે કોઇપણ અક્ષર ઉપર માથું કે માત્ર દોરેલા નથી.' પરંતુ ડાકટર મિત્ર એ લેખને ઇ. સ. પૂર્વે ૪૧૬ ને ૩૧૬ ની વચ્ચેનો ગણે છે. તેમનો નિર્ણય ઇ. સ. પૂર્વે ૪૧૬ થી ૩૧૬ સુધી રાજ્ય કરનાર નવ નન્દોમાંથી એક નંદરાજા ઉપર આધાર રાખે છે. જે ભાગમાં ( લીટી ૬ ) નંદો વિષે કહેવામાં આવ્યું છે તે ભાગનું ભાષાંતર હું નીચે આપું છું:—

"રત્નો—બધી સામગ્રી–તે દેવને આપે છે. ત્યારબાદ દાન કરવાની ઇચ્છા થવાથી–નન્દ રાજાનાં નાશ કરેલા સો મહેલો, અને તેને પણ કાઢી મૂકેલો, અને વિજયનાદી શહેરમાં જે કાંઇ હતું તે સર્વ લૂંટને ઉપર કહ્યું તે પ્રમાણે દાનમાં વાપરી દીધી. *

પ્રીન્સેપ અને મિત્રના મતપ્રમાણે આ ગુહા બૌદ્ધની છે. કારણ કે ત્યાંના લેખમાં બૌદ્ધનાં ચિન્હો નજરે પડે છે. પરંતુ ડાકટર ભગવાનલાલ ઈંદ્રજીએ તે જૈનની છે એમ પૂરવાર કર્યું છે અને તે ખારવેલની બનાવેલી છે એમ કહ્યું છે. આ લેખની છેલ્લી અગર ૧૭ મી લીટીમાં ખારવેલનું નામ આવે છે. ભગવાનલાલના મતપ્રમાણે આ લેખની મિતિ મૌર્યસન ૧૬૫ અગર ઇ. સ. પૂર્વે ૧૫૭ † છે. મૌર્યસન ઇ. સ. પૂર્વે ૩૨૧ થી શરૂ થાય છે, તેથી ગુહાનો વધારેમાં વધારે જુનો વખત ઇ. સ. પૂર્વે બીજા સૈકાનો હોઇ શકે. હાલમાં ડાકટર ફ્લીટે 'જર્નલ ઑફ ધી એશીયાટીક સોસાયટી ઓફ ગ્રેટબ્રીટન' ના એક પેપરમાં ખોળી કાઢયું ત્યાંસુધી વીન્સેન્ટ સ્મીથ[૧] વિગેરે શોધકોનો પણ તેવોજ મત હતો. પંડિતનું મત મને પસંદ નથી, પણ ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકાના અંતમાં હોઇ શકે એમ હું ધારૂં છું. એટલે કે મગધની ગાદી ઉપર અશોક આવ્યો તે પહેલાં ડાકટર ફરગ્યુસન અને બરગેસના મતપ્રમાણે 'આ લેખની મિતિ ઘણું ખરૂં ઇ. સ. પૂર્વે ૩૦૦ છે.' તેઓ કહે છે કે અશોકના રાજ્યથી, ખડકોમાંથી ભોંયરાં ખોદી કાઢવાની રીતિ, શરૂ થઇ અને ત્યારબાદ ઉત્તરોત્તર પ્રગતિથી આ કામ ૧૦૦ વર્ષ સુધી ચાલ્યું. [૨]

આ લેખની ૧૬ મી લીટીમાં કહેવામાં આવ્યું છે કે આ રાજાએ 'જમીનની તળે ઓરડા; તથા દેવાલય અને સ્તંભો વાળાં ભોંયરાં કરાવ્યાં.' આ ઉપરથી આપણે એમ કહી શકીએ કે હાથી ગુફાની પાસે તેના જેટલી જુની બીજી ગુહાઓ છે.

* જે. એ. એસ. બી. પુ. ૬.

† Actes du Sixieme Congres or, tome iii. pp. 174–177.

૧ વી. સ્મીથની 'અર્લી હીસ્ટરી ઓફ ઈંડીઆ', પા. ૩૫ ( ટીપ ).

૨. ફરગ્યુસન અને બરગેસની 'કેવટેમ્પલ્સ ઓફ ઈંડીઆ' પા. ૬૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોકે તે આપણે નિશ્ચય પૂર્વક કહી શકીએ નહિ. વળી આપણે એમ પણ કહી શકીએ કે "ચૈત્ય દેવાલય તથા સ્તંભોવાળી ગુહાઓ" કરતાં જુની બીજી ગુહાઓ હશે.

ખંડગિરિની ગુહાઓમાંની શતઘર અગર શતવક્ર, નવમુનિ, અને અનન્ત ગુહાઓ જરૂરની છે. આમાંની પહેલી બે માં જૈન અસર વ્યક્ત છે અને બાકીનીમાં બુદ્ધોની અસર છે. શતવક્ર ગુહાને એક ઓટલો હતો. જેના ઉપર સ્તંભો હતા અને તેની અંદર સાત નાના સ્તંભો હતા જે હાલ જતા રહ્યા છે. તેમાં બે ગુહાઓ છે જેની વચમાં એક પાતળી ભીંતનો આંતરો છે. તેમનાં નામ, ત્રિશૂલ અગર વર-ભુજી ગુહાઓ. શતઘર ગુહામાં દક્ષિણના ભાગની પરસાળની દિવાલો ઉપર લાંછનો સાથે જૈનતીર્થંકરોની આકૃતિઓ કોતરેલી છે. પરસાલના ડાબા ખુણાથી શરૂ કરીને તીર્થંકરોની આકૃતિઓનું વર્ણન નીચે આપું છું.

(૧) આ એક ઋષભદેવની નગ્ન ઉંચી આકૃતિ છે અને તેમની પાસે એક પોઠીઓ છે અને બે બાજુએ ઉંચે હાથમાં ગાયનનાં સાહિત્યો લઇને ઉભેલા બે સેવકો છે. વળી બે બાજુએ બીજા બે સેવકો છે. તેમાંના જમણા હાથ તરફના સેવકના હાથમાં ચામર છે તથા ડાબા હાથ ભણીના સેવકના હાથમાં પંચપાત્ર છે. તેઓ એક ઉંચા ભાગ ઉપર ઉભા છે, જેમાં ધ્યાનગ્રસ્ત સ્થિતિમાં પલાંઠી વાળીને બેઠેલી ઉપસેલી બે આકૃતિઓ છે. તેમાંની ડાબી આકૃતિના હાથ છાતી આગળ જોડેલા છે અને જમણી આકૃતિની ડાબી હથેલી જમણી હથેલી ઉપર મૂકેલી છે. આ આકૃતિઓની નીચે બે નાગણીઓની આકૃતિઓ છે જે હાથ જોડીને પ્રાર્થના કરે છે તથા જેમના ઉપર સર્પની ફણાઓ આવેલી છે. આની નીચે વચમાં એક બળદની આકૃતિ છે જેની ડાબી બા-જુએ નાળચાવાળું એક પાણીનું વાસણ છે તથા જમણી બાજુએ એક શંખ તથા સિંહ છે. બળદ કુદરતી રીતેજ કાઢયો છે. તેના શરીરની કરચલીઓ પણ કાઢેલી છે.

(૨) આ અજીતનાથની લાંબી નગ્ન આકૃતિ છે. ઉપરની બાજુએ ચંદ્ર આપ્યો છે. ઉપરની જે બે આકૃતિઓ છે તે હાથમાં પ્યાલા લઇને ઉભેલી બે સ્ત્રીઓ છે. વચ્ચે બે હાથમાં સેવકની આકૃતિઓ છે; તેમાંની ડાબી આકૃતિના ચામર છે, તથા જમણી આકૃ-તિના હાથમાં પંખો છે. નીચેની આકૃતિઓ (૧) ની આકૃતિઓ જેવી છે. અહીંઆ ચિન્હ તરીકે હાથી કાઢેલો છે. અને તેની બે બાજુએ સિંહો કાઢેલા છે.

(૩) આ સંભવનાથની મૂર્તિ છે તે ધ્યાનગ્રસ્ત સ્થિતિમાં છે. તે એક પ્રફુ-લ્લ કમળ ઉપર બેઠેલા છે અને તેમની ડાબી હથેલી ઉપર જમણી હથેલી છે. વચ્ચેની બીજી આકૃતિઓ (૨) ના જેવી છે. અહીં ઘોડાને ચિન્હ તરીકે કાઢયો છે. ડાબી બાજુએ નાળચાવાળું પાણીનું વાસણ છે તથા બન્ને બાજુએ બે સિંહ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) આ અભિનંન્દનનાથની 'ધ્યાની' આકૃતિ છે તે (૩) ના જેવી છે; ઉપરના બે સેવકોને બદલે બે કમળો છે. ચિન્હ તરીકે માંકડું ચિતરેલું છે.

(૫) આ (૩) ના જેવી છે; ડાબી ડાબી બાજુના સેવકનો હાથ માથાના મુકુટ ઉપર છે. ચિન્હ તરીકે હંસ છે. આ સુમતિનાથની આકૃતિ છે.

(૬) આ (૩) ના જેવી છે; ચિન્હ તરીકે પદ્મ કાઢેલું છે. આ કમળની જમણી બાજુએ (૩) ની માફક પાણીનું વાસણ છે અને ડાબી બાજુએ કુંભ છે. આ પદ્મ-પ્રભુની આકૃતિ છે.

(૭) આ સુપાર્શ્વનાથની ધ્યાની આકૃતિ છે. ઉપરની આકૃતિઓને બદલે અહીં આછું શોભાવાળું કામ કરવામાં આવ્યું છે. અહીં ચિન્હમાં સ્વસ્તિક છે જેની શાખાઓ ઘડીઆળના ક્રમથી ઉલટી દિશામાં વાળેલી છે.

(૮) આ (૭) ના જેવી છે. પણ ઉપરનું આછું કામ તેના કરતાં જરા જુદું છે. ચિન્હ તરીકે અર્ધચંદ્ર છે. આ ચંદ્ર પ્રભુની આકૃતિ છે.

(૯) આ (૮) ના જેવી છે; અહીં ઉપરની આકૃતિઓમાં કમળો છે. ચિન્હ તરીકે મોર છે. આ આકૃતિ જેવી બીજી એકે નથી. કારણ કે કોઇપણ તીર્થંકરને મોરનું ચિન્હ નથી.

(૧૦) આ (૯) થી જુદી છે. તેમાં તીર્થંકરની ઉભેલી નગ્ન આકૃતિ છે. ચિન્હ જતું રહ્યું છે. બે પોપટની આકૃતિઓ છે. આ આકૃતિ જેવી બીજી નથી.

(૧૧) આ (૧૦) ના જેવી છે. પણ નગ્ન આકૃતિ ઉપર સર્પની છાયા છે. ઉપરની આકૃતિઓમાં બે ઉડતી પરીઓ છે. ચિન્હ તરીકે એક અજાણ્યો છોડવો છે. બન્ને બાજુએ બે ઘડા તથા સિંહની આકૃતિઓ છે. કદાચ આ ૨૧ મા તીર્થંકર નેમિનાથ હોઇ શકે.

(૧૨) આ (૧૦) જેવી છે. આનું ચિન્હ સ્પષ્ટ જણાતું નથી. કારણકે હાલમાં તેની આગળ એક નાની પ્રતિમા ઘાલેલી છે. આના જેવી બીજી આકૃતિ નથી.

(૧૩) આ (૧) ના જેવી છે. ચિન્હનું મ્હોંઢું ભાંગી ગયું છે.

(૧૪) આ (૫) ના જેવી ધ્યાની આકૃતિ છે. અહીં ચિન્હ તરીકે એક મઘર છે તેની બે બાજુએ બે સિંહાકૃતિ છે. આ ૯ મા તીર્થંકર સુવિધિનાથની આકૃતિ છે.

(૧૫) આ (૧૪) ના જેવી છે. અહીં (૧૨) ની માફક ચિન્હ ઉપર એક નાની પ્રતિમા ઘાલેલી છે. આ આકૃતિના જેવી બીજી જાણવામાં નથી.

(૧૬) આ (૧૫) ના જેવી છે. સેવકોના હાથમાં ચામરો છે. ચિન્હ ભાંગી ગયું છે, ઘણું ખરૂં તે હરણનું હશે. આ ૧૬ મા તીર્થંકર શાંતિનાથની આકૃતિ છે.

(૧૭) આ ધ્યાની આકૃતિ છે; ઉપરની આકૃતિઓ શોભા માટે છે ચિન્હ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાંગી ગયું છે અને તે ઘેટાનું હોય તેમ જણાય છે. ૧૭ મા તીર્થંકર કુંથુનાથની આકૃતિ છે.

(૧૮) આ (૧૫) ના જેવી છે. મચ્છનું ચિહ્ન છે. આના જેવી બીજી આકૃતિ જાણુવામાં નથી અને કદાચ તે કલ્પિત હશે. કારણકે કોઇપણ તીર્થંકરને મચ્છનું ચિહ્ન નથી.

(૧૯) આ ધ્યાની આકૃતિ છે. ઉપરના ભાગમાં કમળો છે. તેમાં પાણીના વાસણનું ચિહ્ન છે તેથી તે ૧૭ મા તીર્થંકર મલ્લીનાથની આકૃતિ છે.

(૨૦) આ (૧૫) ના જેવી ધ્યાની આકૃતિ છે. એક કલ્પિત છોડનું ચિહ્ન છે તેથી ૨૧ મા તીર્થંકર નમીનાથની આકૃતિ દર્શાવે છે.

(૨૧) આ (૧૫) ના જેવી ધ્યાની આકૃતિ છે. કાચબાનું ચિહ્ન છે. તેથી તે ૨૦ મા તીર્થંકર મુનિ સુવ્રતનાથની આકૃતિ દર્શાવે છે.

( ૨૨ ) આ ધ્યાની આકૃતિ છે; ઉપરના ભાગમાં દેવાંગનાઓ કાઢેલી છે. શંખની નિશાની છે અને તેની બે બાજુએ મોર છે અને તેથી તે ૨૨ મા તીર્થંકર શ્રી નેમીનાથની આકૃતિ દર્શાવે છે.

( ૨૩ ) આ એક ઉભી નગ્ન આકૃતિ છે. ઉપરના ભાગમાં કમળો છે. તીર્થંકરના મસ્તક ઉપર જળની ધારા કરતી હોય તેમ હાથમાં કુંભ લઇને બે દેવાંગનાઓ કાઢેલી છે. ગેંડીનું ચિન્હ છે. આ આકૃતિમાં ૧૧ મા તીર્થંકર શ્રેયાંસનાથ છે.

( ૨૪ ) આ એક ઉભી નગ્ન આકૃતિ છે. ઉપરની બાજુએ (૧) ની માફક ગાયનનાં સાહિત્યોસહ અપ્સરાઓ ઉભેલી છે. સિંહનું ચિન્હ છે. અને છેલ્લા એટલે ૨૪ મા તીર્થંકર મહાવીરસ્વામીની આકૃતિ છે.

* નિમ્નગત, જૈન કોષકર્તા હેમચંદ્રની કડીઓ ઉપરથી એમ જણાશે કે ઉપરોક્ત આકૃતિઓ ઉપસેલી કાઢવામાં અમુક શૈલી અનુસરવામાં આવી જ નથી. કેટલીક આકૃતિઓ પુનઃ પુનઃ આવી છે તથા કેટલાક તીર્થંકરોને કાઢી નાંખવામાં આવ્યા છે. ૧૧ મી અને ૨૦ મી આકૃતિઓમાં ૨૧ મા તીર્થંકર નેમીનાથ આપવામાં આવ્યા છે. તીર્થંકરોને ચિન્હોસહ કાલગણુના પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે. કેટલીકવાર આ ક્રમનો ભંગ કરવામાં આવ્યો છે, પરંતુ ક્રમભંગ સલાટોના અજ્ઞાનને લીધે છે.

* वृषो गजोऽश्वः प्लवगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी ।
मकरः श्रीवत्सः खड्गी महिषः शूकरस्तथा ॥
श्येनो वज्रं मृगच्छागौ नन्दावर्त्तो घटोऽपि च ।
कूर्म्मो नीलोत्पलं शंखः फणी सिंहोऽर्हतां ध्वजाः ॥ (श्री हेमचंद्रः)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ મી અને ૧૮ મી આકૃતિમાં જણાવ્યા પ્રમાણે જૈન શાસ્ત્રમાં નહિ કહેલી એવી આકૃતિઓ કાઢવા પરથી તેમનું અજ્ઞાન સાબીત થાય છે.

ત્રિશૂળ ગુહાની ઉત્તરમાં બારભૂજા છે અને તેની સાથે નવમુનિ ગુહા છે.

નવમુનિ ગુહા એક સાધારણ ગુહા છે, તેમાં બે ઓરડા છે અને એક ઓટલો છે. આ ગુહાની જરૂર એટલી જ છે કે તેમાં જૈનશ્રમણ શુભચન્દ્ર વિષેનો એક લેખ છે અને તેની મિતિ ઇ. સ. ૧૦ મી સદી છે. આર્કીઓલૉજીકલ સર્વે રીપોર્ટ પુ. ૧૩ ના પ્રકાશકે આ કોતરેલી આકૃતિઓ બુદ્ધની છે એમ ગણવામાં ભૂલ કરેલી છે.

ઇ. સ. ૧૮ મી સદીના અંતમાં ખંડગિરિના શિખર ઉપર મરાઠાઓએ બંધાવેલા જૈન દેવાલય વિષે સહજ સૂચના કરૂં છું. કીટો (Kittoe) ધારે છે કે હાલનું દેવાલય કોઇક ચૈત્યની જગ્યા ઉપર બાંધેલું છે, કારણકે ત્યાં જુના મકાનોની સામગ્રી તેને જડી હતી.* પણ કીટોના કહેવા પ્રમાણે ત્યાં કોઇ જુનું દેવાલય પહેલાં હોય તેમ મને લાગતું નથી.

આ જૈન દેવાલયથી પશ્ચિમે અને લગભગ સપાટ જમીન ઉપર કેટલાક ઉભા ચોરસ પથ્થરો છુટા છવાયા પડ્યા છે અને કર્નીંગહામના કહેવા પ્રમાણે તે ચૈત્યો દર્શાવે છે.÷ આ ' દેવ સભા ' છે. કદાચ આ નામ એ જગ્યાનું જ હોય.

નાઇટ્રોગ્લીસરાઇન, ફોડવાનો દારૂ, ગનકૉટન, કીસલગઢ અગર નોબલ ડાયનેમિક વિગેરે પદાર્થોની શોધ થયા પહેલાં આવા ખડકને ઉડાવવો એ કેટલું અઘરૂં કામ હશે તે માત્ર કલ્પનામાં આવી શકે, પણ અહીંઆ પથ્થરો પોચા તથા કાણાંવાળા છે તેથી ખોદાણકામ સહેલાઇથી થઇ શકે તેમ છે. સામાન્ય રીતે મુખ્ય ખડકથી દૂર ઢાળ પડતી જમીનથી ગુહાઓ ખોદવામાં આવી છે. જ્યાં બની શકે ત્યાં બહાર જોવાને બાંકાં કરેલાં છે. મારે કહેવાની જરૂર નથી કે આ બાંકા રેલ્વેને માટે ખડકો કોરતાં જોવામાં આવે છે. ત્યાં પાણી જવાની રીત સંતોષકારક રીતે રાખવામાં આવી છે. આ ઉપરથી પ્રીન્સેપ ઉપર એવી સજ્જડ અસર થઇ કે તેણે જર્નલ ઑફ ધી એશિયાટીક સોસાયટી, પુ. ૧૬ પા. ૧૦૭૯ માં નીચે પ્રમાણે લખ્યું છે:—

"............ઓરડામાંથી પાણી જવાને માટે એક અદ્દભુત યુક્તિ વાપરી છે, નહિતો પથ્થરના છિદ્રાળુપણાને લીધે ચોમાસામાં પાણી ટપકત. તેથી છતમાં નાનાં છિદ્રો કર્યાં છે અને તે સર્વ નીચેના એક ખુણામાં ભેગાં થાય છે જ્યાં આગળ બહાર પાણી જવા માટે એક મોટું બારૂં રાખ્યું છે."

* કીટોનું જે. એ. એસ. બી. પુ. ૬ પા. ૧૦૭૯.

÷ કર્નીંગ્હામનો આર્કીઓલાજીકલ સર્વે ઓફ ઇંડીઆ, પુ. ૧૩, પા. ૮૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓરડાની છત ઘણી વાર જરાક વાંકી દેખાય છે. જૈન ગુમ્ફ છતનો ઉઠાવ તથા પહોળાઇનું મેં માપ લીધું છે અને તેથી માલુમ પડયું કે તેના ઉઠાવ અને પહોળાઇનું જે પ્રમાણુ છે તે હાલ પણ કોઈ પણ ઇજનેર કબુલ કરે. ( અપૂર્ણ )

મુનિરાજશ્રી જિનવિજયજી.

# * માનસિક મિત્રો અને શત્રુઓ

"We can make our minds art galleries of beauty or chambers of horror; we can furnish them with anything we please"

( આપણે આપણા મનને સૌંદર્યનું મંદિર અથવા શોકભયાદિકનું નિવાસ-સ્થાન બનાવી શકીએ; આપણે ઇચ્છીએ તે વસ્તુઓથી તેને સાધન સંપન્ન કરી શકીએ. )

આપણા વિચારો માનસિક આકૃતિઓ જ છે. તે આકૃતિઓ સાકાર સત્યતાની પૂર્વે આવિર્ભૂત થાય છે. તે માનસિક આકૃતિઓ–ચિત્રોની જીવનમાં તેમજ ચારિત્ર્ય ઉપર છાપ પડે છે. આપણા વિજયના અને સુખના શત્રુઓ-અસ્વસ્થ વિચારો, વિષમ વિચારો, ઇર્ષ્યાના વિચારો આપણા મનોરાજ્યમાં દાખલ થઇ આપણી શાંતિ અને સ્વાસ્થ્ય કે જેના વગર જીવન એક જીવંત કબ્ર સમાન છે, તેને લૂંટી લે તેના કરતાં આપણા ગૃહમાં ચોરો દાખલ થઇ આપણા કિંમતી ખજાના અને માલમિલ્કત લૂંટી લે તે સહસ્રધા સારૂં છે.

જે કંઇ આપણે કરીએ અથવા ન કરીએ તે બધી બાબતમાં કોઇ પણ પ્રકારના વિષમ વિચારોને આપણા મનમાં સ્થાન કરવા ન દેવું એવો નિશ્ચય કરવો. આપણી માનસિક શક્તિ ને શુદ્ધ અને પવિત્ર રાખવાપર જ દરેક વસ્તુનો આધાર છે. આપણા મનરૂપ મંદિરને દરેક પ્રકારના વિચાર શત્રુઓથી મુક્ત અને પવિત્ર રાખવાને યત્ન કરવાની ખાસ આવશ્યકતા છે.

એક વિષમ વિચાર અથવા એક અસ્વસ્થ પ્રકૃતિને એક જ વખત પોષણ આપવાથી ઘણા વિષમ વિચારો અને અનેક અસ્વસ્થ પ્રકૃતિઓ ઉત્પન્ન થાય છે. જે ક્ષણે આપણે એક અથવા બીજાને પોષણ આપ્યું કે તત્ક્ષણેજ તે સહસ્રધા વધશે અને વધારે પ્રબલ અને ઉગ્ર થશે. આપણે વૈષમ્ય અથવા અસુસ્થ પ્રકૃતિની સાથે

* એક ઇંગ્રેજી ગ્રંથ ઉપરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઇ પણ કામ છે નહિ, કેમકે તેઓ જેને સ્પર્શે છે તે વિષમ બની જાય છે. તેઓ તેના વિષમ સંસ્કાર પ્રત્યેક વસ્તુ પર મુકે છે. અને તેનાથી કોઇ પણ મનુષ્ય આશા સુખ અને નૈપુણ્ય રહિત થઈ જાય છે. આ સઘળી શ્યામ આકૃતિઓને અને ચિત્રોને તમારા મનમંદિરમાંથી હાંકી કાઢો, કારણકે તેઓ નિરાશા અને પરાભવને ઉત્પન્ન કરે છે.

આપણે આપણા વિચારોના દ્વારપર બરાબર ચોકી રાખી આપણા સુખ અને આકાંક્ષાના શત્રુઓને દૂર રાખવાની જરૂર છે. આપણા મનમંદિરમાં વસનારા આ શત્રુઓ સિવાય આપણા કોઇ શત્રુ નથી, જે શત્રુઓને જન્મ દેનાર આપણા પોતાના વિકારો, વિક્રિયા અને સ્વાર્થપણું જ છે.

સ્વભાવથી જ આપણું એવું બંધારણ છે કે આપણે સાચું જ કરવું જોઈએ, સીધા જ જવું જોઈએ, પવિત્ર, શુદ્ધ, નિઃસ્વાર્થી, સત્યગ્રાહી, ઉદાર અને પ્રેમાળ રહેવું જોઇએ; નહિ તો આપણે વાસ્તવિક વિજય, સુખ અને આરોગ્ય પ્રાપ્ત કરી શકીએ જ નહિ. મન અને શરીરનું સંપૂર્ણ ઐક્ય એજ ખરૂં માનસિકત્વ છે.

જો આપણે વિનાશકવિચાર શત્રુઓના પ્રવેશને માટે આપણા મનમંદિરના દ્વાર બંધ રાખીએ અને જે વિચારો ઉન્નત કરે છે, સતેજ કરે છે, આનંદ અને આશા આપે છે એવા વિચારોને જ આપણા મનમાં દાખલ કરીએ તો આપણે મહાન સંઘર્ષ અને પરિશ્રમને અટકાવવા શક્તિવાન થઇ શકીએ. એવા અનેક દાખલાઓ બને છે કે જેમાં દુઃખદ, ઉદાસી અને વિષમ વિચારો મનુષ્યનું જીવનતેજ અલ્પ સમયમાં જ ચુસી લે છે, જે દિવસોના દિવસો સુધી કરેલ સખ્ત મજુરીથી પણ બનવું અશક્ય છે.

કોઇ વખત એકાદ શોકકારક અને નિરાશાજનક ઘટના બનવાથી અથવા દ્રવ્યના ભારે નુકશાનથી માત્ર અલ્પ સમયમાં જ માણુસના બાહ્ય સ્વરૂપમાં મહાન વિકૃતિ થયેલી એટલે સુધી જોઇએ છીએ કે તેના પરિચિત માણસો પણ તેને ભાગ્યે જ ઓળખી શકે. સ્વપ્નમાં પણ અનુભવેલો દુષ્ટ વિચાર કેશને શ્વેત કરી મુકે છે, એવા ઘણાં દૃષ્ટાંતો મળી આવે છે. આ બધાથી વિચારનું પ્રાબલ્ય સાબીત થાય છે.

થોડા દિવસોમાં જ અથવા અઠવાડીયામાં ઇર્ષ્યા-અસૂયા માણસના જીવનમાં કેટલી ભયાનક વિકૃતિ કરી મૂકે છે ? તે પાચનશક્તિનો નાશ કરે છે, જીવન પ્રવાહને સૂકવી નાંખે છે, જીવન તત્વને ક્ષીણ કરે છે, અને વિવેક બુદ્ધિને સંકુચિત કરે છે. ખરેખર, સમસ્ત જીવનને વિષમય બનાવે છે.

વિચાર કરવાની કળામાં બાળકોને યોગ્ય શિક્ષણ આપ્યું હોય તો આપણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદના, સુખના અને સંતોષના ચોરોથી કરાયલા ઉચ્છેદને બદલે માનસિક સૌંદર્ય અને સ્વાસ્થ્યની પ્રાપ્તિ યોગ્ય વયે પહોંચેલા માણસને કેટલી સુગમ અને સુકર થઈ શકે ?

આપણે સત્વર સમજી શકીએ છીએ કે ગરમ વસ્તુ શરીરને બાળે છે, તીક્ષ્ણ હથિયાર કાપી નાંખે છે, અને જે વસ્તુઓ પીડાકારક હોય છે તે તજી દેવાનો અને જે શારીરિક સુખ અને આનંદ આપે તેનો અનુભવ કરવાને યત્ન કરીએ છીએ; જ્યારે આપણા મનોરાજ્યમાં આપણે હમેશાં આપણી જાતને નાશકારક અને ભયપ્રદ વિચારોથી બાળીએ છીએ, કાપીએ છીએ અને આપણા રૂધિરને અને મગજને વિષમય બનાવી મુકીએ છીએ, આનું શું કારણ ? નિરંતર આપણે આ માનસિક ઘા અને દાહ સહન કરીએ છીએ, છતાં પણ આ દુ:ખના કારણોને નિર્મૂળ કરવાનો વિચાર પણ કરતા નથી

દુ:ખ સહન કરવા માટે નહિ, પણ આનંદી, સુખી, ઉદ્ધૃત, અને પ્રસન્ન રહેવા માટે જ પ્રત્યેક વ્યક્તિ નિર્માયેલ છે. વિચાર કરવાની કલુષિત ટેવને લઈને જ માનવ જાતિનું અધ:પતન થયું છે—આખી જાતિ ક્ષીણતાને પામી છે. પ્રત્યેક મનુષ્ય સુખીમાં સુખી હોવો જોઇએ એવી નૈસર્ગિક યોજના છે, છતાં આપણે અનુભવપરથી કહી શકીએ કે જેમ ઘડીયાળના બનાવનારે થોડી પણ અપૂર્ણતા રાખવાનો વિચાર રાખ્યો હોય અને યોજના કરી હોય તેમ કુદરત કે જેની " સર્વ વસ્તુઓ સંપૂર્ણ રીતે સારી છે. " તેણે માણસોને વધારે ઓછા પ્રમાણમાં કર્મ કાયદા પ્રમાણે દુ:ખ હોવું જોઇએ એવી પણ યોજના કદાચ કરી હોય.

આપણા વિચાર શત્રુઓથી મુક્ત થવાને અવિચ્છિન્ન, આગ્રહયુક્ત, નિયમિત અને યથાક્રમ પ્રયત્નની અપેક્ષા છે. આપણે કોઈ પણ ન્હાનું સુનું કાર્ય ઉત્સાહ શક્તિ અને અડગ નિશ્ચય વગર સાધી શકતા નથી, તો પછી પૂર્ણ ઉત્સાહથી સામા થઇ તેઓને હાંકી કાઢયાં વગર અને મનમંદિરનાં દ્વારપર તેઓને માટે તાળુ લગાવ્યા વગર કેવી રીતે આપણા શાંતિ અને સુખના શત્રુઓને મનોરાજ્યમાંથી દૂર રાખવાની આશા રાખી શકીએ ?

જે લોકો તરફ આપણને અણગમો હોય, જેઓ આપણને હાનિકર્તા હોય તેઓને અથવા આપણા લૌકિક શત્રુઓને આપણા ઘરમાં આવતા અટકાવવાને આપણને કંઇ શ્રમ વેઠવો પડતો હોય તેમ લાગતું નથી; તો આપણા વિચાર શત્રુઓને આપણા મનમાં પ્રવેશતા કેમ અટકાવી શકીએ નહિ ? આપણે ભૂમિ ઉપર ઉઘાડે પગે ચાલીએ તો આપણા પગને ઇજા કરે તેવા અણીદાર પત્થરો ઉપર નહિ ચાલતાં તેને સ્હેલાઇથી દૂરજ રાખશું, તેવી રીતે જે તિરસ્કારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો, સ્વાર્થી વિચારો, ઇર્ષ્યાયુક્ત વિચારો, આપણને ઇજા કરે છે, અને પીડા કરે છે, તેવા વિચારોને દૂર રાખવા-હાંકી કાઢવા તે કઠિન નથી. તે વિષય બહુ ગંભીર નથી. માત્ર માનસિક શત્રુઓથી વિમુખ થવાનો અને માનસિક મિત્રોનું સન્માન કરવાનોજ તે પ્રશ્ન છે.

કેટલાક વિચારો આશા, આનંદ, પ્રસન્નતા અને પ્રોત્સાહન આપે છે જે આખા શરીરમાં વિસ્તરી રહે છે. કેટલાક વિચારો એવા હોય છે કે જે આશા, સંતોષ અને આનંદ દાબી દે છે. જો આપણે નિરંતર પ્રોત્સાહક અને પ્રબલ વિચારોનું મનમાં સેવન કરીએ તો સુખ, સંપત્તિ, ઐશ્વર્ય અને દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ કેટલે દરજ્જે સંભવિત છે તેનો વિચાર કરો.

મનમાં સ્નેહના વિચારોનું મનન થતું હોય, ત્યારે સ્નેહાભાવના વિચારોનો પ્રવેશ અશકય છે; માનસિક અરીસામાં સૌંદર્ય પ્રતિબિંબિત થયેલું હોય ત્યારે વિરૂપતાની છાયા અશકય છે; આનંદનું પ્રાધાન્ય હોય, ત્યારે શોક દબાઇ જાય છે. જ્યારે આનંદ આશાનો મનમાં વાસ હોય છે ત્યારે દુઃખ અને શોકની સત્તા શરીર પર ચાલી શકેજ નહિ.

જો તમે ભયના વિચારો, ચિંતાના વિચારો, માંદગીના વિચારોરૂપી વિચાર-શત્રુઓને તમારા મનમંદિરમાંથી થોડો પણ સમય દૂર રાખશો તો તેઓ તમને સદાને માટે ત્યજી દેશે, એ નિઃસંદેહ છે; પણ જો તમે તેઓનું સેવન કરશો, તે-ઓને પોષણ આપશો તો તેઓ અધિક પોષણ અને ઉત્તેજનને માટે પુનઃ આવશે. તમારા મનમંદિરનું દ્વાર તેઓને માટે બંધ રાખવું એજ તેઓથી વિમુખ થવાનો અમોઘ ઉપાય છે. તેઓની સાથે કંઇ સંબંધ ન રાખો, તેઓને વિસરી જાઓ અને તેઓને દૂર કરો. જ્યારે સંયોગો પ્રતિકૂળ હોય ત્યારે એવા વચન ન ઉચ્ચારો કે 'મારૂં ભાગ્યજ એવું છે, હમેશાં હું ઉપાધિમાંજ આવી પડું છું. હું જાણતો હતો કે તે એમજ બનશે, અને તે એમજ બન્યું' આમ પોતાની દયા ખાવી અને નિ-ર્બળ મન રાખવું એ ઘણી જોખમભરેલી ટેવ છે. મનને કેવળ વિશુદ્ધ અને નિર્મળ રાખવાનું કાર્ય અતિ દુષ્કર નથી. ભૂતકાળની દુઃખદ ઘટનાઓ અને શોકપ્રદ અનુ-ભવોને મનમાંથી ભુંસી નાખવાનું કાર્ય તમે ધારો છો એવું અતિ કઠિન નથી. જે બાબતોએ તમને દુઃખી કર્યા છે તે બાબતોને વિસરી જવાનો તમે નિશ્ચય કરશો અને તે નિશ્ચય અમલમાં મુકશો કે તરતજ જે શાંતિ અને સુખનો તમને અનુભવ થવાનો તે અત્યારે તમારી વિચારમર્યાદામાં પણ આવી શકે તેમ નથી. તો તમારા દોષો અને દૂષણોને ભુંસી નાંખો, ભૂલી જાઓ અને તેઓને ફરી કદિપણ પોષવા નહિ એવો દૃઢ નિશ્ચય કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલબત, એ ખરૂં છે કે આ વાત પહેલેજ વિચારે સિદ્ધ થઈ શકે તેવી નથી, તોપણ આગ્રહ અને નિશ્ચયપૂર્વક સતત્ પ્રયાસ કરવાથી માણસ આમાંના ઘણાખરા શત્રુઓનો ઉચ્છેદ કરી શકે. મનને સદા સારા, આનંદી અને આશાના વિચારોથી ભરવું, તે કડવા અને દુઃખદાયી અનુભવોને મનમાંથી દૂર કરવાનો ઉત્તમ ઉપાય છે.

અન્ય વસ્તુઓના માફક વિચારો પણ સજાયતીય વસ્તુઓને આકર્ષે છે. જે વિચારો મનમાં પ્રધાનપણે પ્રવર્ત્તે છે તે વિચારો પોતાના વિજાતીયને હાંકી કાઢે છે. નિકૃષ્ટતાને ઉત્કૃષ્ટતા હાંકી કાઢશે. નિરાશાને આશા હાંકી કાઢશે. મનને પ્રેમના પ્રકાશથી ભરો અને અસૂયા અને તિરસ્કાર સ્વતઃ પલાયન થઈ જશે. પ્રેમનો પ્રકાશ પ્રસરેલો હોય છે, ત્યાં આ શ્યામ આકૃતિઓ એક ક્ષણવાર પણ રહી શકશે નહિ. **સદ્વિચારો, ઉદાર વિચારો, દયાના વિચારો, પ્રેમના વિચારો અને આરોગ્યના વિચારોથી મનને સર્વદા ભરેલુ** રાખો અને સર્વ વિરોધી વિચારો સત્વર ચાલ્યા જશે. એ વિરૂદ્ધ પક્ષના વિચારોનું અસ્તિત્વ એકી વખતે મનમાં હોઈ શકેજ નહિ. **અસદ્વિચારોનું ઔષધસદ્વિચારોજ છે.**

ભિન્નભિન્ન પ્રકારના વિચારોનું કેવું પ્રાબલ્ય છે તેની તુલના કરવાને ઘણાખરા લોકો અસમર્થ હોય છે. એક આનંદી અને ઉત્કૃષ્ટ વિચાર આપણને કેવા પ્રફુલ્લ અને સતેજ કરે છે તે સૌ કોઈ જાણે છે. તે વિચારથી આનંદ અને પ્રસન્નતા વિજળીની માફક સર્વત્ર વ્યાપી રહે છે. આવો વિચાર નવીન આશા, હિંમત અને જીવનનો નવીન પટ્ટ ઉત્પન્ન કરે છે.

જે સદ્વિચારોનું સેવન કરે છે તે નિરાશાને બદલે આશાનો અનુભવ કરે છે, ભીરૂત્વને બદલે હિંમતનો અનુભવ કરે છે, અને શંકા અને અનિશ્ચિતતાને બદલે દઢતા અને નિશ્ચયજ અનુભવે છે. વળી જે માણસ આશાજનક, પ્રોત્સાહક અને ઉત્કૃષ્ટ વિચારોરૂપી મિત્રોને મનમાં વાસ આપીને પોતાના વિજયના શત્રુઓને દૂર રાખી શકે છે તે શંકા અને નિરાશાના ગુલામ બનેલા પર અતુલ સત્તા ભોગવે છે. આવા માણસોને દરેક કાર્ય નિરંકુશ પ્રકૃતિવાળા માણસોને સાધ્ય હોય તે કરતાં વધારે સ્હેલાઇથી સાધ્ય હોય છે. જે પ્રમાણમાં આ માનસિક શત્રુઓને મનમંદિરમાંથી દૂર રાખી શકીએ તેનાપર આપણા જીવનના મૂલ્યનો આધાર છે.

તમે એમ ખાત્રીપૂર્વક નજ કહી શકો કે તમે પૂર્ણતા, પ્રેમ, સૌંદર્ય અને સત્યતાની મૂર્ત્તિ છો અને તેથી ઉક્ત ગુણોજ પ્રદર્શિત કરવાનું તમારે માટે નિયત કરવામાં આવ્યું છે. તેથી તમે પોતાની જાતને કહો કે “ જ્યારે જ્યારે તિરસ્કાર, દ્વેષ, વૈરભાવ, નિરૂત્સાહ, અને સ્વાર્થના વિચારો મારા મનમાં આવે છે ત્યારે ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું મને પોતાને અત્યંત હાનિ કરૂં છું. મેં મારા પોતાનાપર એવો કારી ઘા માર્યો છે કે જે મારા માનસિક શાંતિ, સુખ અને આનંદ નૈપુણ્યાદિનો વિનાશક છે. આ સઘળા વિચારશત્રુઓ મારી જીવનપ્રગતિ અટકાવી દે છે. તેઓના વિરોધીઓથી મારે સત્વર તેનો નાશ કરવો જોઇએ."

તે વિચાર ભયનો હોય, ચિંતાનો હોય, ઈર્ષ્યાનો હોય, સ્વાર્થનો હોય, ગમે તે હોય તોપણ જે કંઇ જીવનના સૌંદર્યને અને સૌષ્ટવને દૂષિત કરે છે તેને નાશકારક રિપુની જેમ હાંકી કાઢવા જોઇએ. ઉપાધિ, ચિંતા, ઇર્ષ્યા અને ખરાબ સ્વભાવ આ સર્વ રોગી મનના જ ચિન્હો છે. કોઈપણ પ્રકારનું દુ:ખ અથવા વૈષમ્ય એમ સાબીત કરે છે કે તમારૂં મન કલુષિત છે.

યોગ્ય સમય આવશે ત્યારે આપણને પ્રત્યક્ષ થશે કે અલ્પ સમય પણ આવી ગયેલા પ્રત્યેક ક્રોધના આવેશની, તિરસ્કાર અને વૈરના વિચારોના પ્રત્યેક સ્પર્શની અને સ્વાર્થ, ભય, ઉપાધિ, ચિંતા આદિના પ્રત્યેક આંદોલનની સચોટ છાપ જીવનમાં પડે છે અને પ્રાણઘાતક બને છે. જ્યારે તમે ઉપાધિ, ચિંતા, ક્રોધ, વૈર અથવા ઇર્ષ્યાથી કલુષિત હશો ત્યારે જાણવામાં આવશે કે આ વસ્તુઓ તમારી શક્તિને હરી લે છે, અને તમારા જીવનતત્ત્વને નષ્ટ કરે છે. આ નાશથી કોઇ જાતનું શુભ પરિણામ આવતું નથી એટલુંજ નહિ પણ એ નાજુક મનો યંત્રને અવ્યવસ્થિત કરી મુકે છે, જેથી વૃદ્ધાવસ્થા વ્હેલી આવે છે અને જીંદગી ટુંકી બને છે. ઉપાધિના વિચારો, ભયના વિચારો, સ્વાર્થી વિચારો લોહીને અને મગજને વિષમય કરે છે, નૈપુણ્યનો ધ્વંસ કરે છે; આનાથી વિરૂદ્ધ વિચારો આનાથી વિરૂદ્ધ પરિણામ નીપજાવે છે. તેઓ શાંતિ આપે છે, નૈપુણ્ય વધારે છે, અને માનસિક પ્રતિભાશક્તિ ખીલવે છે. ફક્ત પાંચ મિનિટ પણ સેવેલા ક્રોધના વિચારથી શરીરના જુદા જુદા નાજુક ભાગો પર એટલી બધી ખરાબ અસર થાય છે કે જેને અસલ સ્થિતિમાં લાવતા અઠવાડીયા અથવા મહિનાઓ પસાર થઇ જાય છે. એકાદ ભયકારક ઘટના ઉપસ્થિત થવાથી વાળનો રંગ સદાને માટે સફેત થઈ જાય છે અને ચ્હેરા ઉપર વૃદ્ધાવસ્થાસૂચક ચિન્હો ઉત્પન્ન થાય છે, તેથી જ્યારે સંપૂર્ણ રીતે આપણા સમજવામાં આવે છે કે આ અધમવૃત્તિ અને આ વિકારો આપણને અશક્ત બનાવે છે, આપણને નીતિપથમાંથી ચ્યુત કરે છે, આપણા મનોરાજ્યમાં મહાન ઉત્પાત અને અનર્થ કરે છે, અને શરીરમાં ભયંકર દુ:ખ અને પીડા ઉપજાવે છે, ત્યારે જેવી રીતે આપણે શારીરિક રોગથી બચવા યત્ન કરીએ છીએ તેમ તેનાથી બચવાનો યત્ન શરૂ કરશું.

જેમ અંધકાર કોઇ ભાવવસ્તુ નથી, પરંતુ પ્રકાશનો-તેજસૂનો અભાવ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ જે સઘળું આપણને વિષમ જણાય છે તે અલૌકિક ઐક્ય અથવા સાદૃશ્યનો અભાવ માત્ર છે.

બીજા માણસો તરફ રાખવામાં આવતા સ્નેહ, દયા, અમીદૃષ્ટિ આદિ સર્વ આપણા મનની અંદર ઉચ્ચતમ લાગણીઓને અને વૃત્તિઓને પેદા કરે છે. તેઓ આપણને આરોગ્ય, શક્તિ, ઉન્નતિ વિગેરે બક્ષે છે અને આપણને અનંત શક્તિ સાથે તન્મય બનવાને શક્તિવાન કરે છે.

જો આપણે મનનું સમતોલપણું જાળવી રાખી અસદ્વિચારોરૂપી દુષ્ટ માનસિક શત્રુઓને દૂર રાખી શકીએ તો આપણે વૈજ્ઞાનિક રીત્યનુસાર જીવન વહન કર્યું છે એમ કહી શકાય. સારી રીતે વિકાસ પામેલું મન કોઇપણ અવસ્થામાં એકતાલ ધ્વનિ ઉત્પન્ન કરવાને સમર્થ છે.

પ્રત્યેક મનુષ્ય પોતાની સૃષ્ટિ અને વાતાવરણ રચે છે. આ વાતાવરણને તે મુશ્કેલીઓથી, ભયથી, શંકાથી, નિરાશાથી અને ગ્લાનિથી ભરી શકે કે જેથી કરીને આખી જીંદગી દુ:ખમાં અને દિલ્ગીરીમાંજ વહી જાય. અથવા તો ગ્લાનિ, ઇર્ષ્યા અને દ્વેષના વિચારોને દૂર રાખીને સ્વરચિત વાતાવરણને સ્વચ્છ અને સુખાવહ બનાવી શકે.

સદ્વિચારોનું જ નિરંતર ચિંત્વન કરો અને અસદ્વિચારો તત્કાળ અદૃશ્ય થશે. સૂર્યનો પ્રકાશ જ્વલંત હોય ત્યારે અંધકાર રહી શકે જ નહિ. જો તમે આગ્રહપૂર્વક તમારા મનમંદિરમાં ઐક્યને સ્થાન આપશો તો વૈષમ્ય પ્રવેશ કરે એ વાત અસંભવિત છે; અને જો તમે સત્યનું અવલંબન રાખશો તો અસત્ય નાશી જશે. इतिशम् ॥

શાહ વીઠ્ઠલદાસ મૂળચંદ. બી–એ.

# મનોદ્રવ્ય.

(૨)

( ગતાંક પૃષ્ટ ૨૪૪ થી શરૂ )

તેજ પ્રમાણે સ્થાનો, પણ તેમાં વસનાર મનુષ્યોની શુભાશુભ વિચારોનો પટ ધારણ કરે છે. દરેક ગામમાં એવા અનેક ઘરો માલુમ પડે છે કે જેના સંબંધમાં લોકોમાં અનેક “ વ્હેમભરી ” વાતો ચાલી રહી હોય છે. કેટલાક ઘરોના સંબંધમાં એવું બોલાતું જોવામાં આવે છે કે “ તેમાં કોઇ સુખી થતું નથી ” કેટલાક મકાનો ઉપર કમભાગ્યપણાની ઉંડી છાપ પડેલી જોવામાં આવે છે અને બીજી રીતે તે મકાન ગમે તેવું સગવડ ભરેલું હોય છતાં તેમાં વસવાથી “ ખાવા પીવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટળી જવાની ” અને “ સત્યાનાશની પાટી વળી જવાની ” પ્રબળ ભાવના જનમંડળમાં વિસ્તાર પામેલી હોય છે. આમ થવાનું કારણ માત્ર તે તે સ્થાનમાં પૂર્વે વસેલા મનુષ્યોએ સેવેલો અયોગ્ય ભાવનાઓનો અનિષ્ટ પ્રભાવ શિવાય અન્ય કશું નથી. અનેકવાર આપણે પોતે લોકોની તે તે સ્થાન સંબંધી કિંવદંતિ પ્રમાણે તેમાં વસવા જનારની બુરી હાલત થયેલી જોઇ છે. સાધારણ મનોબળવાળા પુરૂષો એવી વાતોને વ્હેમ તરીકે કુટી મારી, તેની અવગણના કરી, તેવા સ્થાનોમાં વસવા જવાની હુજતવડે માઠા ફળો વ્હોરી લે છે. પરંતુ બને છે એમ કે તેવા સ્થાનોમાં એકત્ર થયેલો બુરી ભાવનાઓનો સંગ્રહ, અને આસપાસના લોકોએ પોતાની અનુકુળ ભાવના વડે તે બુરી ભાવનાને આપેલા ટેકાથી, તેમાં વસવા જનાર મનુષ્યના મનોબળનો પરાભવ થાય છે. તેનો સામાન્ય બળવાળો સંકલ્પ તે સ્થાનમાં વ્યાપેલા અનિષ્ટ મનોદ્રવ્ય આગળ હાર ખાય છે, અને આખરે એના પોતાના અંતઃકરણની એવી નબળી અને વિપરીત સ્થિતિ બને છે કે જેનું પરિણામ લોકોએ કલ્પેલી ભાવના પ્રમાણે આવ્યા વિના ભાગ્યે જ રહે છે.

પરંતુ એવા સ્થાનોમાં પ્રબળ મનોબળવાળા અને સુદઢ નિશ્ચય સંકલ્પવાળા સ્ત્રી પુરૂષોનો નિવાસ થાય તો તેઓના ઉપર તે સ્થાનગત વાતાવરણની અસર બહુ ફાવી શકતી નથી. પોતાના મન ઉપર એ સ્થાનગત ભાવનાના બળવડે થતી અસરના એ લોકો દ્રષ્ટા રહે છે અને તેવી કોઇ પણ અનિષ્ટ અસરને પોતાના માનસ–બંધારણમાં દાખલ થવાની સાફ ના પાડે છે.

કેટલાક સ્થાનોમાં આનંદ, મૈત્રીભાવના, ઉત્સાહ અને ખુશમીજાજનું વાતાવરણ તો કેટલાકમાં નિર્વેદ, નિરાનંદ અને ચિંતાશીલતાનું માનસ–સત્વ જામેલું જોવામાં આવે છે. વ્યાપારની મોટી પેઢીઓ અને ઓફીસોમાં તે તે પેઢી અને ઓફીસનો કારભાર ચલાવનાર તંત્રીની મનોભાવનાની અસર વ્યાપેલી જોવામાં આવે છે. કેટલીક પેઢીઓ ઉપર પગ મુકતાંજ આપણને તે પેઢીના કામકાજ અને પ્રમાણીકપણાનો વિશ્વાસ અને નિઃશંકપણાની લાગણી ઉત્પન્ન થાય છે, અને કેટલીક પેઢીઓ સાથે આપણને કામ પાડતા આપણા મનમાં સ્વાભાવિક રીતેજ બહુ સંભાળપૂર્વક અને ચેતીને કામ લેવાનું સ્કુરી આવે છે, અને સ્હેજ નજરચુક અથવા ગફલત થાય તો છક્કડ ખાઇ જવાનો ડર રહ્યા કરે છે. કેટલીક ઓફીસનો બહારનો રૂવાબ અને દોરદમામ એવો સજ્જડ હોય છે કે કામ પાડવા આવનાર ગ્રાહકો જરા પણ રકઝક કે ખેંચતાણ કર્યા વિના ચાલતી વસ્તુસ્થિતિને આધિન બની જાય છે. અને કેટલેક સ્થાને એથી, ઉલટું, નિરર્થક કપાળકુટ અને લમણાઝીક કલાકના કલાક ચાલે ત્યારે જ વાત ઠેકાણે આવે એવી ઘટના હોય છે. આમ બનવાનું કારણ તે તે પેઢીઓના તંત્રીઓની મનો–ભાવના શિવાય અન્ય કશુંજ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે સ્થાનોમાં અનેક ગુન્હાવાળા કર્મો થએલા હોય છે એ સ્થાનોનું માનસ-વાતાવરણ અત્યંત ચિંતા ઉપજાવનારૂ અનુભવાય છે. આનું કારણ એ હોય છે કે એવા સ્થાનોમાં ખુન અને રક્તપાત કરનારની નિર્દય અને ધ્વંસકર ભાવના, તેમજ એવા અધમ કાર્યોના ભોગ બનનાર કમનસીબ મનુષ્યોના પીડન અને કષ્ટમાંથી ઉપજેલી ત્રાસમય ભાવનાનું મિશ્રણ હોય છે. એક ગામમાંથી પગ રસ્તે બીજે ગામ જતાં એવા અનેક ઝાડી અને સાંકડા નાળાવાળા ગુપ્ત સ્થાનો, જ્યાં આવા નિચ કર્મો પૂર્વે બનેલા હોય છે તે સ્થાને થઇ પસાર થવાનો પ્રસંગ ઘણા વાચકોને કદાચ આવેલ હશે, અને ત્યાંનુ કલેશકર માનસ-વાતાવરણ અનુભવ્યું હશે. તેજ પ્રમાણે કેદખાના, અને શિક્ષા સ્થાનોનું વાતાવરણ પણ સૂક્ષ્મ-પ્રકૃતિના વેદનશીલ ( sensitive ) આત્માઓને અત્યંત ગ્લાનીકર ભાસે છે. દારૂખાના, વેશ્યાવાડા, અને એવા અન્ય હલકી વાસનાઓની તૃપ્તિના સ્થાનોમાં, કોઇ ઉચ્ચ વૃતિવાળો મનુષ્ય જાય તો તેને બહુજ મુંજવણ થાય છે અને જાણે અંદરથી શ્વાસ રૂંધાઈ જતો હોય એવો માનસ, અનુભવ થાય છે. મોટી ઈસ્પીતાળોમાં જ્યાં સંખ્યાબંધ દર્દીઓ, વિવિધ પ્રકારના વ્યાધીઓથી પીડાતા એકત્ર થયા હોય છે, ત્યાં આવી ચઢતા કલેશ, વિષાદ અને દુખમિશ્રિત દયા વૃતિનું વેદન થાય છે. ઘણા કાળનું જુનુ પ્રાચીન દેવાલય એવા માનસ- વાતાવરણથી ભરેલું ઘણીવાર જોવામાં આવ્યું છે કે જ્યાં પગ મુક્તા તુર્તજ આપણા હૃદયમાં એક પ્રકારની ભવ્યતા શાંતિ અને ચિત્ત, સ્થિરતા અનુભવાય છે. જુના દેવાલયો અને મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો એમાં, નવા દેવાલયો કરાવવા કરતા શાસ્ત્રકારોએ વિશેષ પૂણ્યનો આરોપ કરેલો છે, એનું કારણ માત્ર એજ છે કે એમ કરવાથી એ પ્રાચીન મંદિરમાં પૂર્વના મહાજનોએ સેવેલી ઉચ્ચ ભાવનાનું માનસ-વાતાવરણ જળવાઇ રહેવા પામે, અને ત્યાં યાત્રાર્થે આવનાર પ્રત્યેક વ્યક્તિને તેનો સુખકર અનુભવ મળવો શરૂ રહે, નવા મંદિરમાં એવી ભાવનાનું બળ જામતાં ઘણો સમય જાય છે. અને એવી ભાવનાની જમાવટ જલદીથી થવી એ પણ એક શંકાનો વિષય રહે છે, ત્યારે જુના મંદિરોના ઉદ્ધારમાં મંદિરોના અસ્તિત્વનો હેતુ જે ઉન્નત અને ઉર્ધ્વગામી ભાવનાઓ, તે તો કાયમજ હોય છે. માત્ર ઈંટ ચુના અને કડીઆ દાડીઆનુંજ ખર્ચ કરવું અવશેષ હોય છે. પરંતુ અફસોસની વાત છે કે ભાવના-બળ અને માનસ-વાતાવરણની અત્યંત આવશ્યક બીના અત્યારે લોકોના દષ્ટિ-પથમાંથી છેકજ ખસી ગઇ છે. અજ્ઞાન અને પ્રાકૃત લોકોની નજર માત્ર ઇંટ, ચુના અને આરસની તક્તીઓ વિના બીજે ક્યાંઈ ઠરતી નથી.

સ્થાન સંબંધી ઉપર હમે જે સત્યનું પ્રતિપાદન કરેલ છે, તે સત્યવ્યક્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓને પણ સર્વાંશે લાગુ પડી શકે છે. કેટલાક મનુષ્યો પોતાની સાથે નિરંતર આનંદ સુખમયતા, અને નિડરતાનું વાતાવરણ લઇને ફરે છે. અને તેમના સબંધમાં આવતા તુર્તજ તે પ્રકૃતિની છાપ આપણા ચિતમાં આરપાર પડી જાય છે. એથી ઉલટુ કેટલાક મનુષ્યો સ્વભાવથીજ દુખીઆ, અવિશ્વાસી, ડરવાના સ્વભાવવાળા બેચેનીવાળા અને ઉદ્વેગથી ભરેલા જોવામાં આવે છે. આવા લોકોની સાથે આપણે કદાપી કાંઈ કામ પાડવાનું આવી પડે છે, ત્યારે આપણા મનમાં એમ થાય છે કે હવે આ પ્રસંગનો જલદી અંત આવે તો સારૂં અવા મનુષ્યો, જેને અંગ્રેજીમાં (Kill Joy's) આનંદ-ભંજક) કહે છે, તેમનાથી ચેતતા રહેવા, અને તેમનો સહવાસ બને તેટલો ત્વરાથી ઉકેલી લેવા હમે હમારા વાચકોને ખાસ સુચવીએ છીએ. કેમકે જો તેમનો પાસ તમારા મન ઉપર લાગી ગયો તો પછી તેનાથી ભાગી છુટવું એ બહુ મુશ્કેલી ભર્યું છે. આપણા કમભાગ્યે એવા "આનંદ ભંજકો" ની સંખ્યા ( ખાસ કરીને હાલમાં આપણા જૈન સંપ્રદાયમાં ) બહુ મોટી જોવામાં આવે છે. તેઓ કોઇ સ્થાને સુખ કે આનંદનો એક અણું કે અંશ જોવાની ના પાડે છે. સંસાર તેમના માટે દુખમયપણાનો, અસારતાનો, કલેશની પરંપરાઓનો અને ખારાશનો પોશાક ધારણ કરે છે. તેમની ચક્ષુ ઉપરથી દુખવાદના કાળા ચશ્મા ક્ષણ પણ ભાગ્યેજ કદી ઉતરવા પામે છે. દીલગીરીની વાત છે કે જૈન દર્શનનું વર્તમાન સ્વરૂપ તેના સાંપ્રદાયીક બંધારણપક્ષે આવા નિર્વેદવાદ અને દુખમય ભાવનાથી ઘેરાઇ ગએલું છે. આમ થવાનું કારણ શું, અને એ સંબંધમાં ખરી હકીકત શું છે એ કહેવાનો આ સાનુકુળ પ્રસંગ નથી. પરંતુ એટલું કહેવા દ્યો કે સંસાર વસ્તુત: દુખમય નથી પણ સુખમય છે, અમંગળમય નથી પણ મંગળમય છે, અકલ્યાણમય નથી પણ કલ્યાણમય છે. સર્વ સ્થાને અમૃત છે. ખારાશ કે બુરાઈ કયાંઇ નથી. વિશ્વની પરમ અદ્‌ભુત ઘટનામાં એકપણ સ્થાને ઝેર હોત તો એકપણ પ્રાણી જીવી શકે નહી. દુખ માત્ર અજ્ઞાનમાં છે, નિયમોનું જ્ઞાન થયા પછી દુખ કયાંઇ નથી, મુક્ત ફક્ત અજ્ઞાનથીજ થવાની જરૂર છે. પરંતુ અમે વિષયાંતરમાં ઉતરીએ છીએ એમ અમને લાગે છે તેથી અમારા ચાલતા વિષય ઉપર આવીએ.

મનુષ્ય જેવા પ્રકારના વિચારના આંદોલનો (Thought-waves) પોતાના માનસ-બંધારણમાંથી પ્રવર્તાવે છે તેવાજ વિચારના આંદોલનો તેના ભણી આકર્ષાય છે. અને તેણે પ્રેરેલા વિચારો એના જેવા અન્ય સમાન વિચારવાળા મનુષ્યોવડે ગ્રહાય છે. હમે અગાઉ જણાવી ગયા છીએ કે મનોદ્રવ્ય એ એક પ્રકારનું વસ્તુ વિશેષ છે. જે અર્થમાં પથ્થર, લોઢું, લાકડું આદિ વસ્તુઓ છે, તેજ અર્થમાં મનો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય એ પણ એક વસ્તુ છે. તફાવત એટલોજ છે પથ્થર, લોઢું વિગેરે સ્થૂલ ભૌતિક અને આપણી વર્તમાન વિકાસવાળી ઇન્દ્રીયોવડે સ્પર્શી શકાય એવી યોગ્યતાવાળી વસ્તુઓ છે, ત્યારે મનોદ્રવ્ય એક સૂક્ષ્મ, તરલ, અને ઇન્દ્રિયોવડે નહી સ્પર્શાવા યોગ્ય વસ્તુ છે. અંગ્રેજીમાં એ દ્રવ્યને astral matter કહે છે. જો કે astral શબ્દનો ધાતુગત અર્થ જોતાં મનોદ્રવ્યને astral શબ્દથી સંબોધવું અમે પસંદ કરતા નથી, પરંતુ આજકાલ એ શબ્દ એના વર્તમાન અર્થમાં એટલો બધો રૂઢ થઈ ગયો છે કે તેના ધાત્વાર્થ ભણી નજર કરી તેના મૂળ સંકેતને સપાટી ઉપર લાવવા અમે માગતા નથી. astral એ શબ્દ star શબ્દ ઉપરથી નીકળ્યો છે. star એટલે તારાઓ. આકાશના દુરવર્તી પ્રદેશ ઉપરની સૃષ્ટિઓ પૂર્વકાળના ભોળા મનુષ્યો એ તારામય સૃષ્ટિના પદાર્થોને આપણી સૃષ્ટિના પદાર્થ કરતા બહુ ઉંચા પ્રકારનો દીવ્ય અને પ્રભાવયુક્ત કલ્પતા હતા, એથી એ કલ્પના ઉપરથી ઘડાએલા astral શબ્દમાં ભૌતિકથી ઉલટો અર્થ આરોપાએલો છે. ભૌતિકથી ઘણું ચઢીઆતું સૂક્ષ્મદ્રવ્ય એને astral ની સંજ્ઞા આજે અપાય છે. વસ્તુતઃ મનોદ્રવ્ય ખરા અર્થમાં astral નથી, પરંતુ એનો મુકાબલો કરવા યોગ્ય અન્ય કોઇ ઈતર દ્રવ્યનો હાલ આપણુને પરિચય નહી હોવાથી એ શબ્દથી નિભાવી લેવાની ફરજ પડે છે.

આપણે જે સ્થાનમાં વસીએ છીએ તેજ ભૌતિક સ્થાન (physical space) માં સહવ્યાપી ભાવે સૂક્ષ્મસ્થાન પણ (astral space) છે. આ વાતને હાલ તો શ્રદ્ધારૂપે માની લેવાની હમે વાચક બંધુઓને ભલામણ કરીએ છીએ. કેમકે ચર્ચાથી એ વિષયનો આ લેખમાં વિસ્તાર કરતાં હમે પુનઃ પુનઃ વિષયાંતરનો દોષારોપ વ્હોરી લેવાના ભયમાં આવી પડીએ છીએ. એકજ આકાશપ્રદેશમાં અનંત જુદા જુદા સ્વરૂપવાળી ભિન્ન ભિન્ન સૃષ્ટિઓ હોઇ શકે છે છતા એક સૃષ્ટિને અન્ય સૃષ્ટિના એકજ સ્થાનમાં સહવ્યાપી અસ્તિત્વની ખબર પણ ન હોય એમ બની શકે છે.

જેમ એકજ ઓરડામાં અનેક રંગવાળા પ્રકાશના કીરણો એકબીજાને ધકેલ્યા વિના સમાઇ જાય છે, તેમ એકજ આકાશખંડમાં અનેક સ્વરૂપી સૃષ્ટિઓ પોતાનું અસ્તિત્વ અન્ય કોઇના અસ્તિત્વને ક્ષતિ પહોંચાડ્યા વિના નીભાવી શકે છે. એકજ સ્થાનમાં હોવા છતાં એકને અન્યના આસ્તત્વની ખબર પણ હોતી નથી. આમ થવાનું કારણ તે તે સૃષ્ટિના આંદોલનની ગતિનો તારતમ્ય ભેદ હોય છે. એક પ્રકારના પદાર્થની આંદોલનની ગતિ ( vibratory motion ) અન્ય પદાર્થની તેવી ગતિ કરતા જુદી જાતની હોય તો, ઉભય એકજ સ્થાનમાં, પોત પોતાના અસ્તિત્વનું બીજાને ભાન પણ આપ્યા શિવાય રહી શકે છે. આકાશની અચિંત્ય સત્તા જૈનશાસ્ત્રકારે કહેલી છે તેનું કારણ આથી સ્પષ્ટ થવાયોગ્ય છે. લોકાકાશના એકજ પ્રદેશમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસંખ્યાત અણુંઓ અવગાહ પામી શકવાનું શાસ્ત્રકાર કહે છે તે આ દૃષ્ટિએ જ સત્ય છે.

આ સૂક્ષ્મ વાતાવરણ ( astral atmosphere ) માં મનો દ્રવ્યના વિલક્ષણ સ્વરૂપવાળા વાદળાઓ ઉભરાયા કરે છે. અને આપણા સ્થૂળ આકાશમાં જેમ વાદળના સમૂહો બંધાય છે તેમ સૂક્ષ્મ વાતારણમાં મનોદ્રવ્યના સંઘાતો રચાય છે. એ વાદળાઓ જો એક સરખી ગતિ અને સ્વરૂપવાળા હોય તો જેમ તેઓ ભેગા થતા પોતાનું સ્વરૂપ ભેળવીને એકરૂપ બની જાય છે, તેમ સૂક્ષ્મ મનોમય વાતાવરણમાં, એ વિચાર–દ્રવ્યના સમુહો જો સમાન ગતિ, આંદોલન અને સ્વરૂપવાળા હોય છે તો તેઓ એક બીજા ભણી આકર્ષાઇને એકરૂપ બની જાય છે. હમે ઉપર જણાવ્યું તેમ જે પ્રદેશમાં એક પ્રકારનું મનોદ્રવ્ય હોય છે તેજ પ્રદેશમાં અન્ય પ્રકાર અને અન્ય સ્વરૂપનું મનોદ્રવ્ય પણ તે એકજ પ્રદેશમાં રહી શકે છે. પણ આંદોલનની ગતિની વિલક્ષણતા અને વિભિન્નતાથી ભેગા ન થતાં તેમનો સ્વરૂપ–ભેદ કાયમ રહે છે. આથી એકજ આકાશખંડમાં અનંત વૈચિત્ર્યવાળા માનસદ્રવ્યોના અસ્તર ઉપર અસ્તર, અન્ય પ્રકારના માનસદ્રવ્યને બાધા કર્યા વિના, રહી શકવા સમર્થ છે.

પોતાના મનમાં પ્રગટતા વિચારને અનુરૂપ વિચાર દ્રવ્ય સૂક્ષ્મ વાતાવરણમાંથી પ્રત્યેક મનુષ્ય પોતાભણી આકર્ષે છે, અને એ આકર્ષાએલા દ્રવ્યની તેના પોતાના ઉપર અસર અનુભવે છે. આથી બળતામાં ઘી હોમવા જેવું થાય છે. એક મનુષ્ય લાંબા કાળ સુધી દ્વેષ, ઇર્ષ્યા, અને તિરસ્કારની ભાવના સેવ્યા કરે તો, એ વ્યાપારથી તેના મનોમય બંધારણમાં, એવીજ ભાવનાઓનો એવો પ્રબળ પ્રવાહ ઠલવાય છે કે એથી તેને પોતાને ત્રાસ ઉપજ્યા વિના રહેતો નથી. જેવી નિંદ્ય ભાવનાનું તે સેવન કરે છે તેવીજ નિંદ્ય ભાવનાઓનું દ્રવ્ય તેનાભણી ધશડાઇને આવે છે, અને તે ભાવનાને પ્રબળ પુષ્ટિ અને સમર્થન આપે છે; અને એ મનુષ્ય જેમ જેમ લાંબો કાળ પોતાની એ અધમ ભાવનામાં રચ્યો પચ્યો રહે, તેમ તેમ વસ્તુસ્થિતિ બગડતી ચાલે છે. તે પોતાની જાતને એવી બુરી ભાવનાઓનું એક કેન્દ્ર બનાવી મુકે છે, અને કમનસીબે એ અજ્ઞાન મનુષ્ય એવી ભાવનાઓને સેવવાની ટેવ પાડી દે તો અર્થાત્ તેને પોતાને પણ તે વ્યાપારોની ખબર ન રહે તેટલે દરજ્જે એ ભાવનાનું બળ તેનામાં જામી જાય તો, તેની સ્થિતિ અત્યંત દયા ઉપજાવનારી અને કલેશમય બને છે પછી તે એવા સંયોગો અને પરિસ્થિતિઓને ઉપજાવવાની હદે આવે છે કે જ્યાં એ ભાવનાઓ કાર્યમાં પરિણમે છે. પ્રથમ જે કાંઇ વિચારમાં હતું તે વિચારને અનુરૂપ આચારમાં પરિણામ પામે છે. એક પ્રકારની માનસ અવસ્થા, પોતાના સમાન ભાવી સ્વરૂપવાળા મનોદ્રવ્યને પોતાભણી ખેંચે છે એટલુંજ નહી, પણ કાળના પરિપાકે એ ભાવનાને અનુસરતુ કાર્ય પણ તેનાથી થયા વિના કદી રહેતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. કેમકે ભાવના પ્રમાણે સંયોગો, તર્કો અને પરિસ્થિતિઓ ઉપજી આવે એવો વિશ્વનો સનાતન મહા નિયમ છે. એક મનુષ્ય હલકી પાશવ વૃત્તિઓ ઉપર મનને વિરમવા દઇ તેમાં તલ્લીન બને તો આખી કુદરત એકસંપ કરીને તે મનુષ્યને એવા સંયોગોમાં ખેંચી જાય છે કે જ્યાં એના વિકારોને પ્રવર્તન-ક્ષેત્ર મળી રહે છે, અને એની બુરી વાસનાઓને તૃપ્તિ અનુભવવાની તક પ્રાપ્ત થાય છે. એક અધમ વિચાર આપણા મનમાં ઉત્પન્ન થાય તે કાળે તેના અનિષ્ટ પરિણામો ઉપર આપણી નજર જઇ શકતી નથી, પરંતુ તેવા વિચારને અનુકુળ સ્થાન આપણા મનમાં આપવામાં આવે તો આખરે જે બુરાઇ ઉપર આપણે ઘસડાઇ જઇએ છીએ તેનો વિચાર પણ કલેશ ઉપજાવનાર છે:—

એથી ઉલટુ, તમે હાલ જેવા વિચારો અને ભાવનાઓ સેવો છે તેના કરતાં ઉચ્ચતર, ભવ્યતર મનો વ્યાપાર સેવશો તો તેવાં વિચારોનું અનુશીલન તમને થોડા વખતમાં એક ટેવ રૂપ બની જશે, અને વિશ્વના માનસ-વાતાવરણના એવાજ બીજા ભવ્ય વિચારોનો પ્રવાહ તમારા માનસ-બંધારણમાં ઉભરાવા લાગશે. સમાન સમાનને આકર્ષે છે એ મહા નિયમનું શ્રેયસ્કર પ્રવર્તન તમારા સબંધમાં થશે અને તેનો અમૂલ્ય લાભ તમે ઉઠાવી શકશો. આથી પણ વિશેષ જાણવા જેવું તો એ છે કે, સમાન વિચાર સમાન વિચારની સાથે ભળી જાય છે; એટલુંજ નહી પણ સમાન વિચારવાળા પુરૂષો પણ સમાન વિચારવાળા પુરૂષો સાથે અણધારી રીતે સબંધમાં આવે છે. દુનીઆના બીજા છેડા ઉપર રહેતા, પરંતુ ભવ્ય વિચારની સમાન કક્ષામાં વિરાજતા ભાગ્યવાન આત્માઓ, એક બીજા સાથે સંબંધમાં આવી શકે છે. આપણે બધાજ આપણા સંયોગો અને પરિસ્થિતિઓને આપણી ભાવનાઓ અને માનસ વ્યાપારો વડે ઉપજાવીએ છીએ નિભાવીએ છીએ અને નષ્ટ પણ કરીએ છીએ. જે માનસ સામગ્રી અને અનુકુળ ભાવનાઓ વડે એક મનુષ્ય પોતાના દ્રવ્ય અને વિભવને નભાવી રાખે છે, તે માનસ સામગ્રી અને અનુકુળ ભાવના તે મનુષ્ય છોડી દેતો, દ્રવ્ય અને વિભવ એની મેળેજ લોપ પામી જાય છે. કેમકે સ્થુળ ઉપકરણો એ બીજુ કાંઇજ નહિ પણ આંતરીક મનોમય સામગ્રીનો બાહ્ય પરિપાક છે. આથી આંતરીક કારણના અભાવે બાહ્ય કાર્યનો સ્વયં અભાવ ઉપજે છે. આવા ઉદાહરણો આપણા વ્હાવહારીક જીવનમાં આપણે સંખ્યાબંધ જોઇ શકીએ તેમ છીએ.

આ લેખમાં હમે અગાઉ જણાવી ગયા છીએ કે જે વિચારની સાથે આપણું પ્રાણબળ ( Vital Power ) ભળેલુ હોય છે તે વિચાર એક અદભૂત પ્રભાવવાળુ સત્વ બને છે, અને તેની કાર્ય-સાધક શક્તિમાં ઘણો ઉમેરો થાય છે. જેટલા સબળ અને સુદૃઢ વિચારો છે તે બધામાં ન્યુનાધિક અંશે પ્રાણબળ હોયજ છે. પ્રબળ સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પ-શક્તિવાળો મનુષ્ય જેટલા બળથી પોતાના વિચારો ને પ્રવર્તાવે છે તેના પ્રમાણમાં તે વિચારમાં તેના પ્રાણબળનો અંશ ભળેલાં હોય છે. જ્ઞાની મનુષ્યો આ પ્રાણ બળને પોતાના વિચારોની સાથે ઉપયોગ પૂર્વક જ્ઞાતપણે Consciously મેળવે છે. આવા વિચારો એક બંદુકની ગોળી માફક પોતાના ધારેલા નિશાને જઇ ચોંટે છે. સામાન્ય વિચારો ધીરે ધીરે ઉન્હાળાના વાદળા જેવી મંદ ગતિએ ફરેછે. કેટલાક જાહેર વકતાઓએ આ કળા સાધી હોય છે. અને તેઓ જે વિચારને શ્રોતાના મન ઉપર ઠસાવવા ઇચ્છા રાખે છે. તે વિચારનો વાણીદ્વારા બહિર્ભાવ કરતીવેળાએ તેને પોતાનુ પ્રાણબળ અર્પીને એવી સજ્જડ રિતે પ્રેરે છે કે શ્રોતૃવર્ગના હૃદયમાં એ વિચાર તીરની પેઠે આરપાર ઉતરી જાય છે. કળાવાન વકતાઓ શ્રોતૃવર્ગના પાસે મરજી પડે ત્યારે તાળીઓ પડાવી શકે છે. મરજી પડે ત્યારે " સાંભળો સાંભળો"ના પોકાર કરાવી શકે છે. મરજી પડે ત્યારે હસાવી શકે છે. અને મરજી પડે ત્યારે આંસુઓ પડાવી શકે છે. તેઓ વિચારની પછવાડે એવી અદ્દભુત પ્રાણ શક્તિને પ્રેરે છે કે તે ધારેલું પરિણામ પ્રગટાવ્યા વિના ભાગ્યેજ રહે છે. એક મજબુત મનનો સ્પષ્ટ વિચારક પુરૂષ જો પોતાના વિચારો સાથે ઉપર કહ્યું તેવું પ્રાણ બળ ભેળવીને પોતાના વિચારો પ્રેરે તો તે જીવંત, જવલંત સત્વો તરીકે વિશ્વમાં કાર્યકર નીવડે છે. આવા જીવંત વિચારો જ્યારે આપણા આધ્યાત્મિક બંધારણમાં પ્રવેશ પામે છે ત્યારે તે વિચાર પ્રવર્તાવનાર મહા પુરૂષ જાણે આપણી સમક્ષ હાજર થઇને પોતાના વિચારો આપણા મનમાં ઠસાવતો હોય એવી અસર આપણા ઉપર થાય છે. આધ્યાત્મિક વિકાસની ઉચ્ચ કળાએ પહોંચેલા મહાજનો પોતાના શિષ્યોને કોઇ સંકટ કે કટાકટીના પ્રસંગે આવા જીવંત વિચારો પ્રેરે છે તે વખતે તે શિષ્યને પોતાના ગુરૂ પોતાના આગળ સાક્ષાત ઉપસ્થિત હોય અને ધૈર્ય અને હીમત રાખવાનું સુચવતા હોય એવો અનુભવ તેમને થાય છે. પ્રબલ મનોયોગ સંપન્ન વિતરાગી મહાત્માઓ આ પ્રકારેજ આપણા પ્રત્યે પોતાની નિર્હેતુક કૃપાનો પરિચય આપે છે.

આપણી આસપાસના સ્વાર્થી અને હલકા વિચારોના વાતાવરણની અસર આપણા ઉપર થાય એ સ્વાભાવિક છે. ઘણા પ્રબળ વિચાર-બળવાળા પરંતુ સ્વાર્થી મનુષ્યો ઉપરોકત શક્તિદ્વારા પોતાની મતલબ આપણી પાસેથી સાધવા શક્તિમાન બને છે. આ વિશ્વમાં આપણું કોઇપણ અનિષ્ટ ન કરી શકે એના માટે બે બાબતોની અનિવાર્ય અગત્ય છે. (૧) પ્રેમ અને (૨) વિશ્વાસ. આ બે પરિસ્થિતિઓની આપણા અધ્યાત્મિક બંધારણમાં જમાવટ થાય તો આપણી પ્રત્યે ગમે તેવા બળથી પ્રેરેલા સ્વાર્થયુકત વિચારોથી તેમજ આપણી આસપાસના નિકૃષ્ટ માનસ-વાતાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રણથી આપણને ડરવાનું કારણ નથી. આધ્યાત્મિક સૃષ્ટિમાં એવો પણ એક નિયમ છે કે ભાવના જેમ જેમ ઉચ્ચ તેમ તેમ તેનું બળ વધારે હોય છે. આથી એક નબળા મનવાળો મનુષ્ય જો પરમાત્મામાં શ્રદ્ધા અને પ્રાણી માત્ર પ્રતિ પ્રેમ ભાવયુક્ત હોય તો, ગમે તેવા સ્વાર્થી મનોબળવાળા પુરૂષની સત્તા તેના ઉપર ફાવી શકતી નથી. આ પ્રકારની ઉત્તમોત્તમ સત્તા તો વિકાસની અવધિએ પહોંચેલા પરમયોગી પુરૂષોમાંજ હોય છે; અને તેઓ પોતાની સત્તાનો ઉપયોગ કોઇપણ કાળે સ્વાર્થી હેતુ માટે કરતા નથી. આવા મહાજનોનું મનોબળ વિશ્વનો અત્યંત ઉપકાર સાધી શકે છે. તેઓ બળ, આશ્રય આશ્વાસન, વિગેરેના વિચારોના એવા પ્રબળ સત્વો ચોતરફ ફેલાવે છે કે જેને જેને તે સત્વોની જરૂર હોય છે તેને તેને તે અવશ્ય મળી શકે છે. એ મેળવવા માટે અને એ સત્વોનો લાભ ઉઠાવવા માટે જે કાંઈ કરવાની જરૂર છે તે ફકત એટલુંજ કે તેની મનોમય રીતે માગણી કરવી. તે સંપાદન કરવાની પ્રાર્થના કરવી, અને તુર્તજ પરિણામ એ આવશે કે એ પ્રબળ સહાયક આધ્યાત્મિક ભાવનાઓ તમારા હૃદયમાં ઉભરાવા માંડશે. વર્તમાનકાળે વિહરમાન અને ભૂતકાળે થઇ ગયેલા અનંત મહાયોગીઓના મનોબળનો લાભ આ પ્રમાણે અનુકુળ માનસિક વલણ ( mental attitude ) દ્વારા મળી શકે છે. આપણી સૃષ્ટિને જો એકલા સ્વાર્થી વિચારોની મધ્યમાંજ રહેવું પડતું હોત અને મહાજનોની પવિત્ર, ભવ્ય ભાવનાઓનો અભાવ વર્તતો હોત તો, આ વિશ્વ કયારનુંએ નાશ પામી ગયું હત. પરંતુ ઇશ્વર કૃપાથી વસ્તુ સ્થિતિ જુદીજ છે. અને તેથી સમજુ મનુષ્યોએ ડરવાનું મુદ્દલ પ્રયોજન નથી.

પરંતુ ડરવા જેવો એક પ્રસંગ છે. અને તે એકે જ્યારે આપણે પોતે એવા હલકા સ્વાર્થી વિચારો સેવીએ છીએ ત્યારે ઉપર દર્શાવેલા નિયમને અનુસરીને જ્યારે આપણે પોતે હલકા નીચ વિચારોને આપણા મનમાં આશ્રય આપીએ છીએ અને ઉછેરીએ છીએ ત્યારે આસપાસના માનસ–વાતાવરણમાંથી તેવાજ સ્વરૂપના વિચાર–દ્રવ્યો આપણા માનસ બંધારણમાં જામે છે, અને શરૂઆતમાં આપણે જે કાર્યોના ચિંતનથી પણ ધ્રુજી ઉઠીએ છીએ, તે કાર્યો કરવા ભણી તત્પર બની જઇએ છીએ. માનસ–વાતાવરણમાંહેના સત્વો એ બધા આપણા તરફની પરોણાગતની રાહ જોઇ રહેલા છે. પરંતુ આપણે કોને આમંત્રણ કરવું અને કોને ન કરવું એ આપણા પોતાના અધિકાર અને હક્કની વાત છે. પ્રિય બંધુ ! આ હક અને અધિકારનો ઘટતો વાજબી ઉપયોગ કરવા આપને પુનઃ પુનઃ સુચના કરીએ છીએ. વળી એકવાર પુનઃ કહી લેવા દો કે આમંત્રણ આપ્યા પહેલા, એ આમંત્રણ કોને અપાય છે તે જોવાનું કદી ભુલશો નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી પ્રબળ વાસનાઓ એવા વિચાર-સત્વોને પ્રગટાવે છે કે તે વાસના અગર પછી તે શુભ હો વા અશુભ હો, તેની પ્રાપ્તિનો પથ આપણા માટે સુગમ અને સરળ થાય છે. એ વાસના તે અનુરૂપ સંયોગો અને સ્થિતિઓમાં આપણે આકર્ષાઇએ છીએ, અથવા તો તે આપણને આવી મળે છે. એ પ્રબળ ઇચ્છાઓ આપણા હેતુની સફળતાની રાહમાં અત્યંત સહાયક નીવડે છે અને તેમનું કાર્ય આપણે નિદ્રામાં હોઇએ ત્યારે પણ શરૂજ રહેલું હોય છે. આથી કેવી ઇચ્છાઓને તમે પ્રવર્તાવો છો, એ બાબતમાં ગમે તેટલી સંભાળ રાખો તો પણ તે ન્યુનજ છે. તમારી પ્રકૃતિના ઉચ્ચ અને ઉર્ધ્વગામી અંશ સાથે જે ઇચ્છાનો એક રાગ ન ઘટતો હોય, અર્થાત્ જે ઇચ્છાથી તમારો અંતરાત્મા રાજી ન હોય, તે ઇચ્છા કદી પણ પ્રબળપણે પ્રવર્તાવશો નહી. જો એ ભૂલ કરશો તો તમે આધ્યાત્મિક કારણ-કાર્યની એવી વિકટ ફાંસમાં ભરાઇ પડશો કે આખરે તમારે એ ભૂલ માટે બહુ પસ્તાવું પડશે, અને અત્યંત દર્દ અને ક્લેશ પૂર્વક એકકિંમતી પાઠનો અનુભવ મેળવવો પડશે. તમારા અંતરની સૂક્ષ્મ શકિતઓ રૂપી શમશેરને સમજ્યા વિના ગમેતેમ સમણ્યે જશો નહિ. વળી એક બીજી પણ અત્યંત કિંમતી સલાહ આપવા હમે પ્રેરાઇએ છીએ તે આ પ્રમાણે છે. ગમે તેવા ઉત્તેજક અને વૃતિને ઉશ્કેરનારા પ્રસંગોમાં પણ બીજાઓને નુકશાન થાય એવી ભાવનાનું ઉત્કટપણે સેવન કરશો નહી. કેમકે એવી ભાવનાઓના સેવનનું પરિણામ અનિવાર્યપણે એકજ આવે છે; અને એ પરિણામનો અનુભવ અત્યંત કટુ અને દુખદાયક આવે છે. આવા મનુષ્યો જે ફાંસી બીજા માટે તૈયાર કરેલી હોય છે તે ફાંસી ઉપર તેને પોતાનેજ લટકવાનો પ્રસંગ આવે છે તેમાં પણ ખાસ કરીને કોઇ પવિત્ર મનુષ્ય પ્રત્યે એવો અયોગ્ય વિચાર પ્રેરવામાં આવે તો તેનો પ્રત્યાઘાત તુર્તજ તે પ્રેરનાર મનુષ્ય ઉપર થાય છે, અને જે ક્ષણે તે પ્રત્યાઘાત થાય છે તે ક્ષણે એ અનિષ્ટ ભાવનું બળ પૂર્વની મૂળ ભાવના કરતા અત્યંત પ્રચંડ હોય છે. આ વાત ઉપર આટલો બધો ભાર મુકી પુનઃ પુનઃ કહીએ છીએ તેથી કદાચ વાચક બંધુ! આપને કંટાળો આવતો હશે, પરંતુ એ વિષયની અગત્યતા એજ એ પુનરૂકિત દોષ માટેનું હમારૂ બાનુ છે. વિશેષ ચેતવણી તો વળી એટલા માટે આપવી પડે છે કે વિચારમાં આ પ્રકારનું સામર્થ્ય છે એમ સમજીને તમે પોતે કદાચ તેનો અનિષ્ટ ઉપયોગ કરવાને ભવિષ્યમાં કોઇ નિર્બળ ક્ષણે પ્રેરાઓ એવો સંભવ છે. આથી આ જ્ઞાનનો દુરૂપયોગ ન કરી બેસાય એની સંભાળ રાખવાની ચેતવણી આપવી એ હમારી બેવડી ફરજ છે. આ ભગ્ન-પ્રદેશની સુચનાને-danger signal ને-ભૂલ્યે ચુકયે પણ અવગણશો નહીં.

વિચાર-દ્રવ્યની અદભૂત શકયતાઓ અને સંભાવ્યતાઓનો જેમણે સૂક્ષ્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભ્યાસ કરેલો છે તેમને એક બીજી પણ અત્યંત શ્રેયસ્કર વાત ઉપલબ્ધ થએલી છે, તે એ કે અભ્યાસપ્રવૃત્તિ અને વિચારના પ્રત્યેક ક્ષેત્રમાં વર્તમાન તેમજ ભૂતકાળના તે તે ક્ષેત્રમાં કામ કરનારાઓની ભાવનાઓનો મોટો અખુટ સંગ્રહ હોય છે, અને આજે ત તે ક્ષેત્રમાં કામ કરનારને તેનો લાભ, તેઓ ધારે તો, મળી શકે તેમ છે. આ બાબતમાં અભ્યાસીઓનું લક્ષ્ય જોઇએ તેવું વળેલું નથી, એ તે વિષયની ઉપયોગીતા ભણી જોતાં, બહુ નવાઇ સરખુ છે. બધા વિષયો ઉપર ભૂતકાળમાં બહુ બહુ વિચારો, અનેક મનમાંથી ઉદ્દભવેલા હોય છે, અને તે બધા માનસ વાતાવરણમાં નિરંતર કાયમ હોવાથી, પ્રવૃતિના સર્વ ક્ષેત્રમાં કામ કરનારાઓ તે વિચારનો લાભ મેળવી શકે તેમ છે. દુનીઆની મહાન શોધો અને યોજનાઓ, મહાન પુરૂષોને આ પ્રકારે જ મળી હોય છે. જો કે જે લોકોને આ પ્રકારે તે પ્રાપ્ત થએલી હોય છે તેમને પોતાને તે પ્રકારે મળ્યાની કદાચ ખબર પણ નહી હોય. ઘણા લોકોના સબંધમાં એવો અનુભવ હમને મળ્યો છે કે તેઓ પોતાના પ્રિય વિષયનું એકાગ્રપણે, ઉત્કટભાવે, ચિંતન કરે છે અને એમ કરવામાં ઉપરોક્ત માનસ–વાતાવરણ પ્રત્યે પોતાના અંતરાત્માને ખુલ્લો કરી પોતાના ચાલતા વિષય સંબંધી ભાવનાઓનો પ્રવાહ પોતામાં વહેતો કરે છે. તેમણે ધારેલી પણ નહી હોય તેવી રીતે અને તેવી ક્ષણે તેમને ઇષ્ટ યોજના પોતાના માનસ ક્ષિતિજ ઉપર ઉદયમાન થયેલી પ્રતિત થાય છે, કોઈ તુટતી કડી મળી જાય છે. અને તેમનો પ્રયત્ન એકાએક સફળતાને પામે છે. આ અદ્દભૂત પરિણામ, પૂર્વ પુરૂષોએ સેવેલા વિચારના દ્રવ્યમાંથી જ મળેલું હોય છે.

આંતરજગતમાં એમ ઘણીવાર બનેલું જ્ઞાનીઓએ અનુભવ્યું છે કે કોઇ મહાન વિચારકે જ્ઞાનની અમુક શાખા સંબંધે બહુ વિચાર કરેલ હોય, પરંતુ તેના જીવન–કાળમાં તે વિચારનું સ્થૂળ વિશ્વમાં કાંઇ પરિણામ આવેલું ન હોય તો તે વિચાર–દ્રવ્ય તેમનું તેમ સૂક્ષ્મસૃષ્ટિમાં પડી રહે છે. અને ભવિષ્યમાં એ શાખા સંબંધી શોધ ખોળ કે ઉદ્યોગ સેવનાર પુરૂષના અંતઃકરણમાં આકર્ષાઇ તેની મારફત સ્થૂળ જગતમાં બહિર્ભાવ પામે છે. કેટલીક વાર એમ પણ બને છે કે મૂળ વિચારકમાં પોતાના વિચાર પ્રમાણે સ્થૂળ જગતમાં પરિણામ લાવવા જેટલું સામર્થ્ય, ધૈર્ય, કે સાહસ ન હોવાના કારણથી તે વિચાર, કાર્યરૂપે બહિર્ભાવ પામતો અટકી પડેલો હોય છે, અને આવા પ્રસંગે તે શાખામાં પ્રવૃત્તિ કરનાર અન્ય મનુષ્યોને એ તૈયાર વિચાર–સામગ્રીનો લાભ મળે છે. વિચારદ્રવ્યની સ્વાભાવિક ગતિ સ્થૂળ જગતમાં પરિણામ પામવા તરફ હોય છે, અને જે મનુષ્ય એવી યોગ્યતાવાળો હોય છે તેના તરફ આવું વિચારદ્રવ્ય સ્વભાવથીજ ખેંચાઇને તે મનુષ્યને પોતાના બહિર્ભાવ ( etpression ) ના વાહનરૂપ ( vehicle ) બનાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચેની યુક્તિ તમારા પોતાના સંબંધે પ્રસંગોપાત અજમાવી જોવાથી તમને આ અનુભવની પ્રતીતિ મળશે. જ્યારે તમે કોઇ વિકટ પ્રશ્નના ઉત્તરને માટે પ્રયત્નવાન બન્યા હો, અને તેનો સંતોષકારક ખુલાસો ન મળતો હોય તો તમે મનની એવી અનુકુળ, ગ્રહણશીલ ( roceptive ) સ્થિતિ બનાવો કે જાણે એ ઉત્તર આપનાર વિચાર–સામગ્રી, વિશ્વના અનંત અખુટ ચિતિ–મહાસાગરમાંથી તમારા તરફ આકર્ષાય છે. આવી અનુકુળ ચિત–સ્થિતિ ધારણ કરવાથી નહી ધારેલી ક્ષણે એ પ્રશ્નનો ઉત્તર વિદ્યુતના ચમકારાની માફક તમારી મનો–ક્ષિતિજ ઉપર ઉદયમાન થશે. દુનીઆના મહાન લેખકોએ, કવિઓએ, વક્તાઓએ, શોધકોએ અને જ્ઞાનની વિવિધ શાખામાં કામ કરનાર પ્રતિભાસંપન્ન પુરૂષોએ, વિચારની સૃષ્ટિના આ મહાન નિયમનો પોતાના સંબંધે અનેકવાર અનુભવ કરેલો છે, જો કે તેમને પોતાને એ ઉત્તર કયાંથી આવે છે તેની કદાચ ખબર પણ નહી હોય, પરંતુ જાણ્યે કે અજાણ્યે તેઓએ ઉપરોક્ત નિયમને ગતિમાં મુકયો હોય છે, અને તેમાંથી ઉદભવતો મહદ્ લાભ ઉઠાવ્યો હોય છે. સૂક્ષ્મસૃષ્ટિમાં એવા અનંત ભવ્ય વિચારો, કલ્પનાઓ અને શોધોના વિચારો, બહિર્ભાવની રાહ જોઇ પડેલા હોય છે. મરજી હોય તે વખતે તેનો ઉપયોગ ઉપલબ્ધ છે.

તેજ પ્રમાણે મનુષ્ય ધારે તે ક્ષણે આશા, ઉત્સાહ, પ્રેમ, ભકિત, ધૈર્ય, વિશ્વાસ ઔદાર્ય આદિ અસંખ્ય મહાન ઉદ્દાત ભાવનાઓનું દ્રવ્ય પોતા ભણી આકર્ષી શકે છે. કેમકે ત્યાં દરેક પ્રકારની શકિત અને યોગ્યતાવાળા વિચાર–દ્રવ્યની મોટી વખાર ભરેલી છે. પોતાના અનુકુળ માનસીક વલણવડે દરેક પ્રસંગે આપણે સહુ કોઇ એ અખુટ ખજાનાનો ઉપયોગ કરવા હકદાર છીએ. ફકત આપણે માગવાની અપેક્ષા છે. એ અખુટ દ્રવ્ય આપણું પોતાનું છે તો શા માટે તેનો ઉપયોગ ન કરવો ?

**અધ્યાયી.**

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો બાવીશમો વાર્ષિક મહોત્સવ.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરની વર્ષગાઠ નિમિત્તે કરવામાં આવેલ જેઠ શુદ ૭ ના રોજ વાર્ષિક મહોત્સવ અને જેઠ શુદ ૮ ના રોજ શ્રીમદ્ વિજયાનંદ સૂરિ (આત્મારામજી મહારાજ ) ની ઉક્ત સભા તરફથી ઉજવવામાં આવેલી જયંતી.**

ચાલતા જેઠ શુદી ૭ ના રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નિમિત્તે અને જેઠ શુદી ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરી (આત્મારામજી મહારાજ ) ની સ્વર્ગવાસતીથી નિમિત્તે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા એકવીશ વર્ષ પૂરા થઈ બાવીશમું વર્ષ શરૂ થવાથી આ માસની શુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણપત્રિકાઓ છપાવી બહારગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેઠ શુદી ૭ ના રોજ દરવર્ષ મુજબ વાર્ષીક મહોત્સવ, સભાના મકાનને ધ્વજા, પતાકા, તોરણોથી શણગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની છબી પધરાવી વાસક્ષેપથી સભાસદોએ સવારના સાડાઆઠ વાગે ગુરૂપૂજન કર્યુ હતું. ત્યારબાદ નવ વાગે પ્રભુને પધરાવી મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજશ્રી કૃત રૂષીમંડળની પૂજા ભણાવવામાં આવી હતી. જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગ્રહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. બપોરના વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવેલ રકમના વ્યાજમાંથી તેમ જ તુટતા રૂપીયાનું મેમ્બરોના થયેલ ફંડમાંથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જેઠ શુદી ૭ ના રોજ સાંજની ટ્રેઈનમાં આત્માનંદ સભાના સુમારે ૫૦ મેમ્બરો શ્રી સિદ્ધાચળજી ગયા હતા.

જેઠ શુદી ૮ ના રોજ સવારના પ્રથમ ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં સ્વર્ગવાસી ઉક્ત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે, ત્યાં પ્રથમ સ્તુતિ કરવા સાથે વાસક્ષેપથી પૂજા કરવામાં આવી હતી અને તેજ દિવસે ગીરીરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, શ્રીપુંડરીકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા, શ્રી થેટી પગલા, ગામના દેરાસરજીમાં ગોડીજી મહારાજના દેરાસરમાં અને આત્મારામજી મહારાજની મૂર્તીને સુંદર આંગી રચવામાં આવી હતી અને યાત્રા, પૂજા, ભાવના વીગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યાં હતાં.

ત્યારબાદ મોટી ટુંકના ચોકમાં શ્રીમાન્ મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજી કૃત શ્રી પંચપરમેષ્ઠિની પૂજા ભણાવવામાં આવી હતી. અને સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

આ ઉત્તમ કાર્ય માટેનો ખર્ચ ઉંટડી નિવાસી (હાલ વલસાડ ) શેઠ દુર્લભભાઇ ભગવાનજીએ આપ્યો હતો.

**વડનગરમાં જયંતી**—અત્રે તા. ૨૯–૫–૧૭ સંવત ૧૯૭૩ જેઠ શુદ ૮ ના અત્રે શ્રી જૈન સંઘે મળીને ઉપકારી શ્રી આત્મારામજી મહારાજની જયંતીનો આજનો દીવસ ઘણા ઉમંગથી ધર્મ પ્રવૃત્તિમાં પસાર કર્યો છે. સવારમાં વ્યાખ્યાન વખતે મોટા ઉપાશ્રયમાં શ્રી કીર્તિવિજયજી મહારાજે મરહુમના જન્મથી માંડીને અવસાનકાળ સુધીનો ઇતિહાસ ઘણાજ અસરકારક શબ્દોમાં વર્ણવ્યો હતો. ત્યારબાદ શ્રાવિકાઓએ માંગલીક ગહુંલી છેવટ પ્રભુસ્તવન કરી હતી. બપોરના બે વાગેથી અત્રેના ચૌટાવાળા શ્રીરીષભદેવ પ્રભૂના દેરાસરમાં કાપડના દલાલ શેઠ ભીખાભાઈ હરીચંદ તરફથી પૂજા ભણાવી હતી.

**વેરાવળમાં જયંતી**—જેઠ શુદી ૮ ભોમવારના રોજ શ્રીમાન મર્હુમ આચાર્ય શ્રી વિજયાનંદસૂરિ (શ્રી આત્મારામજી) મહારાજની સ્વર્ગારોહણ તીથી હોવાથી શ્રી વેરાવળમાં તેઓશ્રીની "જયંતી" ઉજવવા શ્રી જૈન જ્ઞાનવર્ધક શાળાના હોલમાં બપોરના એક વાગે એક સભા ભરવામાં આવી હતી. પ્રમુખસ્થાને શ્રીમાન આચાર્યજી મહારાજની છબીને ( ફોટો ) બિરાજમાન કરવામાં આવ્યો હતો.

પ્રથમ છબીની પૂજા કરી અને ફુલના હાર પહેરાવવામાં આવ્યા પછી વિદ્યાર્થીઓએ મંગળાચરણ કર્યા બાદ આચાર્યશ્રીના ગુણગર્ભિત ગાયનો ગાયાં હતાં. ત્યારબાદ માસ્તર કાળીદાસે આજના મેળાવડાનું કારણ આચાર્યશ્રીના ગુણગાન સાથે ટુંકામાં કહ્યું અને વિસ્તારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યશ્રીનું ચરીત્ર કહેવા વેરાવળના માજી જૈન માસ્તર મે. કુંવરજી ગોકલજીને દલીલ કરતા તેઓશ્રીએ આચાર્યનું ચરિત્ર વિસ્તારથી કહી સંભળાવ્યું હતું. અને વેરાવળની દરેક સંસ્થાની સારી રીતે દેખરેખ રાખતા તેમના કાર્યવાહકો તથા સંઘના તમામ ગૃહસ્થોને વિનંતિ કરી છેવટ સાકરના પેંડા તથા પુસ્તકોનું ઇનામ અને પ્રભાવના કરવામાં આવી હતી.

તેમજ તે સિવાય પાલીતાણા, જુનાગઢ, જામનગર વગેરે કાઠીયાવાડના શહેરોમાં તેમજ સુરત, વળાદ બોરૂ વગેરે ગુજરાતના શહેરમાં તથા મારવાડ પંજાબ વગેરે સર્વ સ્થળોએ આ મહાત્માની જયંતી સર્વત્ર ઉજવાઇ છે.

આંત્રોલીમાં પૂજ્યપાદ શ્રી વિજયકમળસૂરીશ્વરના તરફથી અને મુરબાડમાં મુનિરાજશ્રી દોલતવિજયજી મહારાજના તથા વળાદમાં મુનિરાજશ્રી માનવિજયજીના પ્રમુખપણા નીચે તે તે ગામના શ્રીસંઘના તરફથી જયંતી ઉજવવામાં આવી હતી.

---

# પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજાદિ મુનિરાજોનું મુંબઇ શહેરમાં શુભ આવાગમન.

## મુંબઇની જૈન પ્રજાનો અપૂર્વ હર્ષ, ઉક્ત મહાત્માનો કરવામાં આવેલો અવર્ણનિય સત્કાર.

મુંબઇ શહેરના શ્રી સંઘનું એક ડેપ્યુટેશન ઉક્ત મહાત્માઓને મુંબઇ ચોમાસું કરવા પધારવા વડોદરે વિનંતિ કરવા ગયું હતું. મુંબઇના શ્રી સંઘના ડેપ્યુટેશનની આગ્રહપૂર્વક વિનંતિને માન આપી મુંબઇની જૈનપ્રજાના ઉપર અનેક ઉપકાર કરવા તેમજ ખાસ શ્રી મહાવીર વિદ્યાલયને ભવિષ્યમાં ચિરસ્થાયી કરવાની ખાસ શુભ ઇચ્છાથી મુંબઇ પધારવા કૃપા જણાવી, ત્યારબાદ ત્યાંથી વિહાર કરી અનેક સ્થળોએ અનેક ઉપકાર કરતાં જેઠ શુદ ૧૧ ના રોજ શ્રીમાન્ પ્રવર્ત્તક મહારાજશ્રી કાન્તિવિજયજી તથા મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી સપરિવાર મલાડ મુકામે પધારતાં એક મારવાડી શ્રાવક તરફથી પૂજા તથા સ્વામીવત્સલ કરવામાં આવ્યો હતો. જેમાં અનુમાને હજારથી પંદરસો મુંબઇના ભાવિક સ્ત્રી–પુરૂષોએ લાભ લીધો હતો. બીજે દિવસે શેઠ દેવકરણ મુળજી તરફથી સ્વામીવત્સલ તથા પૂજા ભણાવવામાં આવી હતી. ત્યાંથી જેઠ શુદ ત્રીજે સાન્તાક્રુઝ પધાર્યા હતા. જ્યાં ભાવનગર નિવાસી શેઠ નરોત્તમદાસ ભાણજી તરફથી પૂજા તથા સ્વામીવત્સલ કરવામાં આવ્યો હતો. બીજે દિવસે રાધનપુર નીવાસી શેઠ જીવણચંદ કેશરીચંદે પૂજા ભણાવી સ્વામીવત્સલ કર્યો હતો. ઉપરાંત મહારાજ સાહેબના રોકાવાની ખુશીલીમાં શ્રીમહાવીર વિદ્યાલયમાં એકહજાર રૂપિયાની મદદ આપી હતી. જેઠ શુદી ચોથના દિવસે મહારાજ સાહેબ દાદર પધાર્યા. અહિંયા પણ મહુંમ શેઠ સોમચંદભાઇના બંગલે પૂજા ભણાવી હતી, તથા તેઓના તરફથી જ સ્વામીવત્સલ થયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. સાંજના પાંચ વાગે વિહાર કરી ભાયખાલે પધાર્યાં હતા. અહીંયા શેઠ પ્રેમચંદ રાયચંદના બંગલામાં એક રાત્રી વિશ્રામ લીધો હતો. જેઠ શુદી પાંચમના દીવસે પ્રભાતના વખતે મુંબઇના જૈન સમાજે મોટા સમારોહથી સામૈયા સહિત ભાયખાલે જઇ સત્કાર કર્યો હતો. સામૈયું શહેરના મુખ્ય લતાઓમાંથી પસાર થતાં સરકસ જોવાને હજારો આદમીઓની ઠઠ જામતી હતી. બજારોને ધ્વજા પતાકા તેમજ શ્રીમહાવીર જૈન વિદ્યાલયની પ્રગતિ થાઓ ઇત્યાદિ જુદાં જુદાં આરકાઓ તથા અન્ય વસ્તુઓથી શણગારવામાં આવ્યાં હતાં.

તેઓ સાહેબો ભાયખાલે આવેલા જૈન ઉપાશ્રયમાંથી વહેલા નીકળનાર હોવાથી જૈન બાનુઓ, ગ્રહસ્થો, શ્રીમાનો વીગેરેએ સવારના સાત વાગ્યાથી ત્યાં જવા માંડયું હતું. એથી આખું ભાયખાલાનું દેહેરાસર જૈનોથી હળીમળી રહ્યું હતું અને ઇંગ્લીશ અને દેશી બેંડોની સંખ્યા પણ ૩૦–૩૫ ની હોવાથી ત્યાં એક મહોત્સવના જેવો દેખાવ થઇ રહ્યો હતો. ત્યાંથી સવારે ૯ કલાકે એક મોટો વરઘોડો નીકળ્યો હતો. જેમાં પચીશેક સાંબેલા અને બેંડો તેમજ ગાડીઓની હારેહાર હતી. એ વરઘોડો લગભગ ૧૨।। વાગે શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં આવતાં તેમજ રસ્તામાં લોકોના ટોળે ટોળાથી મોટી ભીડ થઇ રહી હતી અને જૈન મુનિરાજોને જૈન તેમજ અન્ય દર્શનીઓએ મોટા માન સાથ વધાવ્યા હતા. કેટલાકોએ તો મુનીરાજોને સાચામોતીથી વધાવી લીધા હતા. મહારાજશ્રીઓએ ઉપાશ્રયમાં પધારતાં બાનુઓ અને ગ્રહસ્થોને અમૃત જેવો ધર્મોપદેશ સંભળાવ્યો હતો, જે બાદ બપોરે મોડેથી, બધાઓ શ્રીફળ અને લાડવાની પ્રભાવના લઇ વીખરાયા હતા.

આ સામૈયામાં શુમારે પાંચ હજાર મનુષ્યોની હાજરી હતી. કારણ કે એક મારવાડી બંધુ તરફથી શ્રીફળની અને પાટણના ઝવેરી મંડળ તરફથી લાડુનો પ્રભાવના થઇ હતી જે શુમારે પાંચ હજાર શ્રીફળ વિગેરે આપવામાં આવ્યાં હતાં. આવા મહાત્માઓના આવાગમનથી આ વખતે કોઇ અલૌકિક હર્ષ મુંબઇની જૈન પ્રજાને થયો છે. પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી ચતુરવિજયજી, મુનિરાજ શ્રી લાભવિજયજી, પં. મહારાજ શ્રી સોહનવિજયજી, મુનિરાજ શ્રી વિમલવિજયજ, મુનિરાજ શ્રી કસ્તુરવિજયજી, મુનિરાજ શ્રી મેઘવિજયજી. મુનિરાજ શ્રી જીનવિજયજી, મુનિરાજ શ્રી વિજ્ઞાનવિજયજી, મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી, મુનિરાજ શ્રી વિચારવિજયજી, મુનિરાજ શ્રી પુણ્યવિજયજી, મુનિરાજ શ્રી સમુદ્રવિજયજી, અને મુનિરાજ શ્રી સાગરવિજયજી વગેરે ૧૬ મુનિરાજો શ્રી ગોડીજી મહારાજના પાછળના ભાગમાં આવેલા વિશાળ ઉપાશ્રયમાં બીરાજમાન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## શ્રીમાન્ સ્વર્ગવાસી પૂજ્યપાદ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ ) ની જેઠ શુદ ૮ ના રોજ હિંદુસ્તાનમાં અનેક સ્થળોએ ઉજવાયેલ જયંતી.

### મુંબઈ શહેરમાં શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજની જયંતીનો ભવ્ય મેળાવડો.)

મુનિમહારાજશ્રીઆત્મારામજીમહારાજીની જયંતિ માટેનો એક ભવ્ય મેળાવડો ગોડીજી મહારાજના પાયધુની ઉપરઆવેલા ઉપાશ્રયમાં મંગળવાર જેઠ શુદ ૮ ને રોજ કરવામાં આવ્યો હતો. મેળાવડામાં ૨૦૦૦ લગભગ સ્ત્રી પુરૂષો એકઠા થયા હતા અને સેંકડોને જગ્યાની ઓછાશને લીધે નાસીપાસ થઈ પાછા જવું પડયું હતું. આ પ્રસંગે પ્રવર્તકજી શ્રીકાંતિવિજયજી તથા મુનિરાજશ્રી વલ્લભવિજયજી અને બીજા પંદર સાધુઓ તેમજ પંન્યાસ રિદ્ધિમુનિ અને મણિસાગર હાજર હતા. આખા સભાસ્થાનમાં આનંદ પસરી રહ્યો હતો. એક મોટા આસન પર મરહુમશ્રીની ઓઇલ પેન્ટ છબી મૂકવામાં આવી હતી. શરૂઆતમાં વાસક્ષેપથી પૂજન કરવામાં આવ્યું હતું.

ત્યારપછી સભાનું કાર્ય શરૂ કરતાં મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજે જણાવ્યું કે શ્રી આત્મારામજી મહારાજે પ્રબળ પુરૂષાર્થ કરી પંજાબમાં કેટલો લાભ કર્યો હતો તેનો પોતાનો જાતિ અનુભવ કહી બતાવ્યો હતો. એ મહાપુરૂષોની વિદ્વત્તા અને વાદ તથા વાતચીત કરવાની અસરકારક પદ્ધતિપર વિવેચન કરી તેમના પુરૂષાર્થના ગુણાનુવાદ કર્યા હતા.

ત્યારબાદ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટરે મહાત્મા આત્મારામજી મહારાજ એક ગ્રંથ કર્ત્તા તરીકે કેવા ફતેહમંદ થયા તે સંબંધી તેમના તત્ત્વનિર્ણયપ્રાસાદ, જૈનતત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર વિગેરે પુસ્તકોનો હવાલો આપી, તેમને પ્રથમ પંકિતના વિદ્વાનમાં ગણાવ્યા હતા. મરહુમને માટે જૈન સિવાયની પ્રજા પણ કેટલું માન ધરાવતી હતી તે સંબંધી સને ૧૮૯૩ માં અમેરિકામાં આવેલા શહેર ચીકાગોમાં સર્વ ધર્મ સંમેલનના પુસ્તકમાં તેમને માટે કેવા વખાણના શબ્દો લખ્યા હતા તે વાંચી બતાવી તેઓશ્રીએ દીર્ઘદષ્ટિ વાપરી જૈન કોમના પ્રતિનિધિ તરીકે મરહૂમ મી. વીરચંદ ગાંધીને મોકલવામાં કેટલું ડહાપણ બતાવ્યું હતું તે પર વિસ્તારથી વિવેચન કર્યું હતું. એમની પ્રતિભાશકિત અને ચારિત્ર કેટલા ઉત્તમ હતા તેના કેટલાક દાખલા આપી તેમને અનુસરવા સર્વ બંધુઓને વિજ્ઞપ્તિ કરી હતી. જીદંગીની ફતેહ જ્ઞાન કરતાં પણ શુદ્ધ વર્તન ઉપર વધારે છે એ બરાબર બતાવી આપી મહાત્માશ્રીના જીવનની વિશુદ્ધતા પર લંબાણ હેવાલ રજુ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે મહાત્માશ્રીના સંબંધમાં પોતાને થયેલા અનુભવ સંબંધી સંસ્કૃત શ્લોકો તૈયાર કર્યા હતા તે બતાવી તેમના ઉપદેશની પદ્ધતિ અને જૈન બંધુઓના કર્તવ્ય સંબંધી વિવેચન કર્યું હતું. મહાત્માશ્રીના કેળવણી સંબંધી કેવા સુંદર વિચારો હતા તે બતાવી આપી તેમના શિષ્ય મુનિશ્રી વલ્લભવિજયજીના ઉપદેશથી સ્થપાયેલ શ્રી મહાવીર જૈન વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્યાલયને સ્થીર કરવા મુંબઈના જૈન બંધુઓને વિજ્ઞપ્તિ કરી હતી. શાસ્ત્રીજીનું ભાષણ અનેક પ્રકારના રસોથી ભરપૂર. મહાત્માશ્રીના જીવનના ઉદ્દેશને બતાવનાર અને પ્રેરણા કરનાર હતું તેથી આખી સભાના મન રંજન થયા હતા.

ત્યારબાદ મુનિ વિમળવિજયજીએ હૃદયના ઉદ્દગારો કાઢયા પછી છેવટ મુનિરાજશ્રી વલ્લભવિજયજીએ મહાત્મા આત્મારામજીના જીવનમાંથી અગત્યના થોડા બનાવોપર ચિત્ર રજુ કરી તેઓમાં કેટલી ગંભીરતા હતી તે બતાવી આપ્યું હતું. મહાત્માશ્રી લોક વખાણથી લેવાઇ જતા નહિ, પરંતુ ગંભીર અને મક્કમ રીતે સર્વ કાર્યો કરતા અને અતિ ઉત્તમ ચારિત્ર પાળતા હતા તેના દ્રષ્ટાન્તો રજુ કરી આખી સભાને આનંદ ઉપજાવ્યો હતો. છેવટે કેળવણી સંબંધી મહારાજશ્રીના વિચારો કેટલા આગળ વધી ગયેલા હતા તે બતાવતાં તેમણે જણાવ્યું હતું કે મહાત્મા જો હૈયાત રહ્યા હોત તો મુંબઈ પધારી જરૂર નવા નવા કેળવણીના કાર્યો કરત. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સ્થીર કરવાની મુંબઇ નિવાસી બંધુઓની ફરજ સંબંધી લંબાણ વિવેચન કરી એ સંસ્થાને દીર્ઘ આયુષ્યવાળી કરવી એ મહાત્માશ્રીની ઇચ્છા પાર પાડવા જેવું છે એમ જણાવ્યું હતું. મુનિરાજ શ્રી વલ્લભવિજયજીએ એક કલાક સુધી ચાલતી ધારાએ વિવેચન કર્યું હતું અને આખી સભાને પોતાની વક્તૃત્વશક્તિની ચકિત કરી દીધી હતી. તેઓશ્રીના ઉપદેશને પરિણામે શ્રી મહાવીર વિદ્યાલયને રૂા. ૧૦૦૧) જીવણભાઈ કેશરીચંદ તરફથી સાંતાક્રુઝમાં મળ્યા હતા તે જાહેર કરવામાં આવ્યું હતું. રાધણપુરવાળા શેઠ લાડુ ગણપત પુનમચંદે રૂા. ૫૧ દરવરસે દશ વરસ સુધી આપવા ઇચ્છા જણાવી હતી, રૂા. ૫૦૧) શેઠ બાલુભાઇ કલ્યાણચંદે રોકડા આપવા જણાવ્યું હતું અને રૂા. ૫૧) દશ વરસ સુધી આપવાની ઇચ્છા શેઠ લાલચંદ મુળચંદ જામનગરવાળાએ જણાવી હતી. અને રૂા. ૫૧ તેજ પ્રમાણે દશ વરસ સુધી શાંતિદાસ કેશરીએ આપવા જણાવ્યું હતું. આખા મેળાવડામાં આનંદ પ્રસરી રહ્યો હતો. જ્ઞાનપુજનમાં તથા જીવદયામાં સારી રકમ થઈ હતી.

આખરે શ્રી આત્મારામજી મહારાજની જય બોલાવી મેળાવડો વિસર્જન થયો હતો. કાર્ય બરાબર ત્રણ કલાક શાંતિથી ચાલ્યું હતું અને ભાગ લેનારાઓને આખો વખત ઘણો આનંદ થયો હતો.

**અમદાવાદ**—ન્યાયાંભોનિધિ શ્રીમાન્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજની જયંતી જેઠ શુદી ૮ ને મંગળવારે અમદાવાદમાં ઉજમબાઇના ઉપાશ્રયમાં મહારાજશ્રીના પ્રશિષ્ય સાહિત્યપ્રેમી શ્રીમાન્ વિનયવિજયજી મહારાજશ્રીના ઉપદેશથી ઉજવવામાં આવી હતી. પ્રભાતથી ધ્વજા પતાકા ને વાજીંત્રાની ગોઠવણ કરી હતી. સવારના આશરે આઠેક વાગતાંને શુમારે મુનિમહારાજાઓ, સાધ્વીજીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ તથા અન્ય માણસો મોટી સંખ્યામાં પધારેલા હતા. પ્રમુખસ્થાન વૃદ્ધ મુનિ મહારાજશ્રી કનકવિજયજીને આપવામાં આવ્યું હતું તેઓશ્રી તથા શ્રીસૌભાગ્યવિજયજી મહારાજ વાડીના ઉપાશ્રયેથી પધાર્યા હતા. તથા લુવારની પોળના ઉપાશ્રયેથા શ્રી સિદ્ધિવિજયજી મહારાજ થાણા ચાર સહિત તેમજ મુલચંદજી મહારાજના પ્રશિષ્યોમાં શ્રી ન્યાયવિજયજી, શ્રી પ્રતાપવિજયજી તથા શ્રી પ્રીતિવિજયજી વિગેરે પધાર્યા હતા. તેમજ જુદા જુદા ઉપાશ્રયની સાધ્વીઓ આશરે વીસથી પચીસની સંખ્યામાં હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆતમાં મહારાજશ્રી વિનયવિજયજીએ મંગળાચરણમાં મહાત્માશ્રીની સ્તુતિ તેમજ જયંતીના કારણો વીગેરે વિધિસર કહી સંભળાવ્યું હતું, ત્યારબાદ શા. ડાહ્યાભાઇએ મહારાજશ્રીનું "જીવનવૃત્તાંત" વાંચી સંભળાવ્યું હતું. જેની અસર શ્રોતાઓ ઉપર સારી થઇ હતી. પછી વૃદ્ધ મુનિશ્રી સિદ્ધિવિજયજી મહારાજે યોગ્ય શબ્દોમાં મહાત્માશ્રીનું સારૂં વિવેચન કર્યું હતું. બાદ ઝવેરી મુલચંદભાઇ આશારામે સમયાનુસાર ભાષણ આપીને મહારાજશ્રી સંબંધી કેટલીક વીગતો રજુ કરી હતી ને શ્રોતાના મન બહુજ ખેંચાણા હતા.

બાદ શા. કેશવજીએ જેમણે યોગ્ય શબ્દોમાં મહાત્માશ્રીના પગલે ચાલવા કેટલીક દલીલો રજુ કરી હતી. આ ભાષણ પૂરૂં થયા બાદ ઘણાઓનો આગ્રહ હોઈ પન્યાસજી મહારાજશ્રી ન્યાયવિજયજીએ મહાત્મા સંબંધી એક ઘણો અગત્યનો લેખ કહી સંભળાવી સમયાનુસાર ભાષણ આપ્યું હતું, જેથી શ્રોતાઓના મન ઉપર સારી અસર થઈ હતી.

ત્યારબાદ વિનયવિજયજી મહારાજે પોતાનું ભાષણ શરૂ કરતાં મહાત્માનાં જ્ઞાનબળ માટે બોલતાં જણાવ્યું કે શાન્તિસાગરના કુપંથને હઠાવનાર, સુરતમાં હુકમમુનિના ગ્રંથના કુતર્કોને તીલાંજલી આપનાર, દયાનંદજીના જૈન આક્ષેપોનો જવાબ આપનાર, ઢુંઢિઆના સમકિત સારનો જવાબ દેનાર, ત્રણ થુયોના માનવાવાળાને હઠાવનાર અને અમેરિકામાં ચિકાગો શહેરમાં જૈન ધર્મની ધ્વજા ફરકાવનનાર ગાંધી વીરચંદ રાઘવજીને મોકલનાર પણ તેજ મહાત્મા હતા. વળી મહારાજશ્રી આત્મારામજી મહારાજનો દિક્ષા મહોત્સવ અત્રેજ થયો હતો. તો તેવા કલ્યાણમય સમય જે સ્થાનમાં પ્રાપ્ત થયો છે ત્યાં તેમની જયંતી અત્યારસુધી મુદ્દલ ઉજવવાને ધ્યાન ખેંચાયું નથી તે નવાઈ લાગે છે અને માનું છું કે હવે નિયમિત દરવર્ષે મહારાજશ્રી આત્મારામજીની જયંતી ઉજવવાની ફરજ જોશો ને કંઇપણ હિત સાધશો. છેવટે મહાત્માશ્રીની જય બોલાવી પ્રભાવનાપૂર્વક મેળાવડો વિસર્જન થયો હતો.

દિવસના બે વાગતાં શ્રીમહાવીરસ્વામીના દેરાસરમાં પૂજા ભણાવવામાં આવી હતી, તેમજ ત્રણ—ચાર દેરાસરોમાં આંગી કરવામાં આવી હતી ને રાત્રે ગુણાનુવાદ થયા હતા.

**ખંભાત**—જૈનશાલાના મકાનમાં મુનિ મહારાજશ્રી હરખવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે સવારના સાડાનવ વાગે આત્મારામજી મહારાજની જયંતી ઉજવવામાં આવી હતી. પ્રથમ મંગળાચરણ થયા પછી કાપડીયા ભીખાભાઈ નાથાભાઇએ જયંતીના હેતુ કહી બતાવ્યો હતો. ત્યારબાદ શા. અંબાલાલ જેઠાભાઇએ મહાત્માશ્રીનું જીવનચરિત્ર કહી બતાવ્યું હતું અને તેનું અનુમોદન ઘીઆ રતનલાલ છોટાલાલે કર્યું હતું, બાદ પારેખ સુખલાલ ઉમેદચંદે મહાત્માશ્રીના ઉદ્દભવના વિચાર તથા જીવનનો સારાંસ પણ ઘણીજ સારી રીતે કહી સંભળાવ્યો હતો. પછી કાપડીઆ ભોગીલાલ પોપટચંદે મહાત્માશ્રીના ગુણોનું અનુકરણ કરવાનું વિવેચન કર્યું હતું અને છેવટે શા. મણીલાલ સાંકળચંદે પ્રમુખ સાહેબનો તેમજ સઘળા ગૃહસ્થોનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

બાદ બપોરે બજારમાં ચીંતામણી પાર્શ્વનાથજીના દહેરાસરજીમાં ઘણાજ ઠાઠમાઠથી પૂજા ભણાવવામાં આવી હતી, આંગીની રચના પણ થઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શહેર વડોદરામાં શ્રીમદ્ આત્મારામજી મહારાજની ઉજવાયેલી બાવીસમી જયંતિ.

આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજનો જયંતિમહોત્સવ જેઠ સુદી આઠમને દિવસે વડોદરામાં જાની શેરીના ઉપાશ્રયે ઉજવવામાં આવેલો હતો. પ્રથમ મુનિશ્રી કર્પૂરવિજયજીએ સંસ્કૃતમાં આચાર્ય મહારાજનું મધુર કંઠથી મંગળાચરણ કર્યું હતું. ત્યારબાદ આદિ જીન મંડળ તરફથી મધુર કંઠે આચાર્ય મહારાજશ્રી-ના ગુણાનુવાદ કર્યા પછી શિષ્ટાચાર મુજબ તેઓશ્રીની છબીને પૂજવાનો વિધિ થયેલો હતો. ત્યારબાદ મુનિ મહારાજશ્રી હંસવિજયજીએ નીચે પ્રમાણે પોતાનું અસરકા-રક ભાષણ કર્યું હતું.

મુનિ મહારાજો, સુશીલ સાધ્વીઓ, સન્નરો તથા સન્નારીઓ !

આ દુનિયાની સપાટી ઉપર મહાત્માઓના અવતાર એક તીર્થરૂપ થઇ ગયેલા છે.

**साधूनां दर्शनं पुण्यं तीर्थाभूताहि साधवः ।**
**तीर्थं फलति कालेन, सदा साधुसमागमः ॥**

સાધુઓનું દર્શન શ્રેષ્ટ ગણાય છે. તીર્થના કરતાં પણ તેઓને ઉચ્ચ પદ્વી આપેલી છે. કારણકે તીર્થ કાળાંતરે ફળે છે પણ સાધુઓનો સમાગમ તત્કાળ ફળે છે. માટે સાધુઓ તીર્થ સમાન ગણાય છે.

શ્રીમદ્ આત્મારામજી મહારાજ સત્યાગ્રહી, ધર્મધ્યાન યથાવિધિએ કરનાર અને દરેક જીવને તારનાર હતા. તેઓશ્રી એક સાહિત્યના રસિક હતા. તેઓશ્રીનો વિચાર જૈન શાસનની ઉન્નતિ કરવાનો હતો. તેના માટે તેઓએ અનેક ગ્રંથો રચેલા છે જેવા કે જૈન તત્વાદર્શ, અજ્ઞાન તિમિર ભાસ્કર, તત્વનિર્ણય પ્રાસાદ ઇત્યાદિ. તેઓશ્રીના રચેલા ગ્રંથો એવા તો પ્રસિદ્ધ અને ઉત્તમ છે, કે જેને માટે એક સન્યાસી કહે છે કે મેં તેમના ગ્રંથો અજ્ઞાનતિમિર ભાસ્કર, અને જૈનતત્વાદર્શ એક રાત્રિમાં જોયા હતા. તે કહે છે કે "મને એ ગ્રંથોમાં એટલો તો આનંદ પ્રાપ્ત કર્યો હતો કે જાણે મ્હેં બીજી સૃષ્ટિમાં પ્રવેશ કર્યો." શ્રીમદ્ આત્મારામજી મહારાજને જ્ઞાનનો એટલો બધો શોખ હતો કે જૈનોના પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર કરવાની તેઓશ્રીએ અત્યંત ઉત્કંઠા બતાવી હતી. તેઓએ એક નાનું દૃષ્ટાંત આપ્યું હતું "જ્યારે અમે (હંસવિજયજી) જેસલમીરમાં ગયા હતા ત્યારે અમોએ એક જૈનના પ્રાચીન ગ્રંથોનો સંગ્રહ જોયો હતો. તે પુસ્તકો તદ્દન ખરાબ સ્થિતિમાં હતાં. તાડપત્રો તેમજ જુનાં પુસ્તકો, હસ્તલિખિત પોથીઓ, વિગેરેની સંભાળ બરોબર નહિ લેવાથી ખરાબ થઇ ગયેલા હતા. તેમની સ્થિતિ સુધારવા માટે અમે આત્મારામજી મહારાજ પાસે ત્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોમાસુ કરવાને માટે આજ્ઞા માગી હતી. ત્યારે તેઓએ અમને એક વર્ષને માટે નહિ પરંતુ બાર વર્ષને માટે રજા આપી હતી, એટલું જ નહીં પણ મુંબઇની અંદર જૈન એસોસીએશન ઓફ ઈન્ડીઆને પણ ખબર આપી હતી. અને તે સંસ્થાએ જેસલમીરના પંચો ઉપર પોતાના તરફથી મદદ આપવા લખાણુ કરેલું હતું, પરંતુ જેસલમીરની અંદર પાટીઓ અને પત્થરના કબાટ વિગેરેની જોઈતી સગવડો પૂરી પડવાથી મુંબઇની મદદ માગવાની જરૂર પડી ન્હોતી. આ મહાત્માની કીર્તિનો પ્રસાર ઇંગ્લાંડ જેવા દેશોની અંદર પણ થયેલો હતો. તેવામાં અમેરિકાના ચિકાગો શહેરની અંદર ધર્મસભામાં આવવા નિમંત્રણ કરવામાં આવેલું હતું, પરંતુ સાધુઓના કેટલાક અનિવાર્ય નિયમોને લઇને તેઓ ત્યાં જઈ શકયા નહીં. પરંતુ તેઓશ્રીએ પોતાના પ્રતિનિધિ તરીકે મુંબઇના સંઘ તરફથી ગાંધી વિરચંદ રાઘવજી બી૦ એ૦ ને મોકલ્યા હતા. અમેરિકા મોકલતી વખતે તેઓશ્રીએ જૈન તત્વનો મોટો નિબંધ લખી આપ્યો હતો. રા. વિરચંદ ભાઇએ પારિસ, લંડન ઇત્યાદિ અનેક દેશોમાં જૈન તત્વનો બહોળો ફેલાવો કર્યો હતો. તે પ્રસંગે તેમના સમાગમમાં આવેલા એક અંગ્રેજ ફિલસુફ હર્બર્ટ વૉરને, બાર વ્રત હાલમાં અંગીકાર કરેલાં છે. ( આ પ્રસંગે મહારાજશ્રીએ આ વિદ્વાન અંગ્રેજનો ફોટો બતાવ્યો હતો ) હર્બર્ટ વૉરને જૈન ધર્મના કેટલાક ગ્રંથો પ્રસિદ્ધ કરેલા છે. તેઓશ્રીએ (મહારાજજી આત્મારામજીએ) પંજાબમાં પણ શ્રાવકોને અસરકારક બોધ આપેલો હતો; ડૉ. હોર્નલે પણ આત્મારામજી મહારાજશ્રીને કેટલાક પ્રશ્નો પૂછયા હતા જેના ઉત્તરો આચાર્યશ્રીએ અસરકારક આપેલા હતા. આ અંગ્રેજે પણ મહારાજશ્રીની પ્રસંસા કરેલી છે.

આચાર્ય મહારાજશ્રી જ્યારે વ્યાખ્યાન કરતા ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જેવી ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ વ્યાખ્યાન શ્રવણાર્થે આવતી હતી. એક વખત એવું બન્યું કે જ્યારે તેઓ વ્યાખ્યાન કરતા હતા ત્યારે એક ખાટકીએ જીવહિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આવો ક્રૂર માણસ પણ તેમની ધર્મકથાથી પ્રતિબોધ પામેલો હતો.

એક વખતે પંજાબ દેશની અંદર આવેલા સનખત્રા ગામમાં અંજનશલાકા કરવાનો ઠરાવ થયો ત્યારે અમે ( હંસવિજયજી ) પાલીતાણામાં હતા ત્યાં સિદ્ધાચળજીનું એક મોટું તિર્થસ્થાન છે. તે તિર્થની મુલાકાતે મુંબઇના ગવર્નર લોર્ડ વિલિંગ્ડન ગયા હતા. તેના વિષે તા. ૧૪ ફેબ્રુવારી ૧૯૧૬ ના ટાઇમ્સ ઑફ ઇન્ડીઆના મથાળે “ ગવર્નરની મંદિરોના શહેરોમાં મુસાફરી ” એમ લખેલું હતું. એવા તીર્થ ઉપર આવેલા અષ્ટાપદજીના એક દહેરાસરમાં જોઈતી ખામી પુરી પાડવા અમોએ લશ્કર રાજ્યના દિવાન રા. રા. કુલચંદભાઇને ઉપદેશ આપ્યો હતો જેથી કુલચંદભાઇએ પણ ત્રણ મૂર્તિઓ કરાવી સનખત્રા ગામમાં મહારાજશ્રી પાસે અંજનશલાકા પ્રસંગે મોકલી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા મહાત્માનો આપણને વિરહ પડેલો છે અને તેઓ હાલમાં અત્રે વિદ્યમાન નથી પણ આ સભામાં ફોટારૂપે બીરાજમાન થયેલા છે. તે જંગમતિર્થનો લાભ લેવા મારી સાથે આપ સર્વે તેમને નમસ્કાર કરીને તેઓશ્રીની જય બોલાવશો.

## મુનિશ્રી લલિતવિજયજીનું અસરકારક ભાષણ.

### પ્રથમ ગુરૂસ્તુતિ.

સુજ્ઞ મહાશયો !

એક ભોજનનો થાલ છે તેની અંદર અનેક વસ્તુઓ છે. જેને જે રૂચિમાં આવે તે અંદરથી જમે છે. તો મહારાજ શ્રી હંસવિજયજીએ આત્મારામજી મહારાજના ગુણાનુવાદ કરેલા છે અને હું તેમનું જીવન ચરિત્ર કહેવા ઈચ્છા ધરાવું છું. કારણ કે કેટલાક શ્રોતાજનોની જીવન ચરિત્ર સાંભળવાની તીવ્ર ઉત્કંઠા છે.

સૂર્યના પ્રકાશને કાંઇ દિવાની જરૂર પડતી નથી. આચાર્ય મહારાજશ્રી આત્મારામજીનું જીવન ચરિત્ર જગજાહેર છે. તેઓશ્રીએ મિથ્યાત્વીઓને પ્રતિબોધ પમાડયા, અસહ્ય અને અત્યંત આપત્તિઓ વેઠી; તોપણ તેને સહન કરી સ્વસાધ્યથી પાછા હઠયા નહતા. શ્રીમદ્ 'ભગવદ્‌ગીતાની અંદર પણ લખેલું છે કે—

यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

જ્યારે ધર્મની પડતી થાય છે અને અધર્મ પ્રસરવા માંડે છે, ત્યારે મહાન્ પુરૂષો દેહ ધારણ કરે છે.

શ્રીમદ્ આત્મારામજી મહારાજનો જન્મ ફીરોજપુરના જીલ્લામાં જીરા પાસે આવેલા લહેરા ગામમાં થયો હતો. તેમના દાદા દીવાનચંદ્રજી હતા. દિવાનચંદ્રજી મહારાજા રણજીતસિંહના જાગીરદાર હતા. મહારાજા રણજીત સિંહે તેમને ૧૦૦૦ ઘોડાની ઘોડેસ્વારી આપી, દિવાનચંદ્રજીને એક પુત્ર હતો. તેનું નામ ગણેશચંદ્રજી હતું. ગણેશચંદ્રજી જીરા ગામની પાસે એક ગામમાં નોકરી કરવા લાગ્યા. ગણેશચંદ્રને રૂપાદેવી નામે ધર્મપત્ની હતી. તેની કુક્ષિએ શ્રીમદ્ આત્મારામજી મહારાજનો જન્મ થયેલો હતો, જે ગામમાં ગણેશચંદ્રજીના પિતા રહેતા હતા, તે ગામનો સરદાર સોઢી અતરસિંગજી હતો, તેનું રૂપ દેખી ગણેશચંદ્રને પોતાનો પુત્ર ( આત્મારામજી ) સોંપી દેવા કહ્યું. કારણ કે આત્મારામજીના જમણા ગાલ ઉપર ચિન્હ હતું, અને તે એક શુભ ચિન્હ તરીકે મનાય છે. તેથી અતરસિંગજીએ કહ્યું કે આ છોકરો આગળ જતાં એક બહાદૂર લડવૈયો અને મહાન ધર્માત્મા થશે. પણ ગણેશચંદ્રે પોતાનો પુત્ર આપવા સાફ ના પાડી. અતરસિંગજીએ તેના ઉપર ખોટું આળ મૂકીને હેરાન કર્યા. પરંતુ રાત્રે ગણેશચંદ્રે બેડી તોડીનાંખી કિલ્લા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરથી ઉતરી અને પોતાની ધર્મપત્ની અને પુત્રને લઈ પાછા લહેરા ગામમાં ગયા. ત્યાંથી તેઓનું ગમન આગ્રા તરફ થયા પહેલાં પોતાના પુત્રના નિર્વાહને માટે જીરા ગામના ઓસવાલ જ્ઞાતિના જોધામલ નામના શ્રાવકને સોંપીને કહ્યું કે તમે મારા પુત્રને સારી રીતે સાચવજો. આ વખતે જોદ્ધમલજીએ અત્યંત ખેદ પૂર્વક અંતઃકરણના ઉદ્દગારો જણાવ્યા કે હે ! મિત્ર !

जुदाइ तेरी कीसकुं मंजुर है
जमीन सख्त ओर आस्मान दुर है ॥

હે ! બંધુ ! તારો વિયોગ મને એક દુઃખદાયક થઇ પડશે. જો જમીન અહીંઆ ફાટે તો અંદર ઉતરી જાઉં. પણ શું કરૂં ? જમીન કઠિણ છે અને આકાશ દૂર છે.

આવા અંતઃકરણના ઉભરાઓ તેને કહ્યા, થોડે વખતે આગ્રામાં ગણેશચંદ્રજીનો કાળ થયો. જોધમલ હમેશ ધર્મશ્રવણને માટે ઉપાશ્રયમાં જતો તેની સાથે આત્મારામજી પણ જતા હતા. ત્યાં ગંગારામ અને જીવણરામ નામના ઢુંઢક મતના સ્થાનકવાસી સાધુઓએ ચોમાસું કર્યું હતું. આત્મારામજીનો તે સાધુઓ ઉપર રાગ લાગવાથી તેમણે સંવત ૧૯૧૦ ના માગશર સુદી ૧૦ ને દિવસે ઢુંઢકમતની દીક્ષા અંગીકાર કરી. તેમની માતા અત્યંત ખેદ કરવા લાગ્યા પરંતુ આત્મારામજીએ તો દીક્ષા ગ્રહણ કરી હતી તેથી તે મનોવિલાપ નિરર્થક ગયું. હવે તેઓએ ઢુંઢકમતની દીક્ષા ગ્રહણ કરી દશવૈકાલિક નામનો ૭૦૦ ગાથાનો ગ્રંથ ત્રણ દિવસની અંદર કંઠે કર્યો હતો. ત્યારે મહાશયો ! વિચાર કરો કે તેમની બુદ્ધિ અને વિચારશકિત કેવાં હશે !

તેઓશ્રી વિહાર કરી મારવાડ તરફથી આગ્રા શહેરમાં આવ્યા, ત્યાં રત્નચંદ્રજી નામના સાધુને તેઓશ્રી મળ્યા. રત્નચંદ્રજીએ આત્મારામજીને સંસ્કૃત ભણવા કહ્યું. પરંતુ દુર્દૈવશાત્ ગુરૂની માંદગીના સમાચાર આવ્યાથી વળી પાછા પંજાબ ગયા. પંજાબ જતી વખતે રત્નચંદ્રજીએ ત્રણ શીખામણો આપી (૧) સંસ્કૃતનો અભ્યાસ કરવો (૨) તિર્થંકરની પ્રતિમાની નિંદા કરવી નહીં (૩) દંડો રાખવો. આવી રીતે પંજાબ જતી વખતે ત્રણ શીખામણો આપી હતી.

આત્મારામજી મહારાજની વ્યાખ્યાન શૈલી અતિ અસરકારક હતી. ઢુંઢકમતમાં એવી એક ખોટી માન્યતા પેસી ગયેલી છે કે “ સંસ્કૃત શીખવું નહીં.” આમ છતાં આત્મારામજી મહારાજે સંસ્કૃત શીખવા માંડયું તેથી તેઓ બહુ પ્રવીણ અને હુશીઆર હતા. તેથી તેમની સાથે વિશનચંદ્રજી વિગેરે અઢાર સાધુઓ શુદ્ધ શ્રદ્ધાનમાં આવ્યા. પંજાબના ઢુંઢક મતવાળાઓએ દેશોદેશ પત્રો લખી મોકલ્યા કે આત્મારામજી જ્યાં જાય ત્યાં કોઈએ આહાર, પાણી, રહેવાને માટે સ્થાન વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈપણ જાતની સગવડ કરી આપવી નહિ. આટલું બધું થયાં છતાં પણ પાછા હઠયા ન હતા અને હિમ્મતથી અઢાર સાધુઓના મનનું સમાધાન કરેલું હતું.

તેઓશ્રીએ ગુજરાત દેશના અમદાવાદ શહેરમાં મહાવીરસ્વામીના શાસનની દીક્ષા અંગીકાર કરી હતી. ફરીથી તેઓ પંજાબમાં જઈ ત્યાં ૧૦૦૦૦ શ્રાવકોને પ્રતિબોધી, મંદીરો પુસ્તકશાળાઓ વિગેરે સત્કાર્યો કરાવ્યાં. જે દેશની અંદર પહેલાં જૈન ધર્મ બતાવનાર દહેરાસર ન હતાં તે દેશના દરેક ગામમાં હાલમાં ગગનચુમ્બી અને વિશાળ ચૈત્યો અસ્તિત્વ ધરાવે છે.

તેઓશ્રીની વ્યાખ્યાનશૈલી અતિ સુંદર હતી. તેઓશ્રી જ્યારે ભૈરવી રાગમાં કથા કહેતા ત્યારે શ્રોતાજનો અત્યંત તલ્લીન થઈ જતા હતા.

તેઓશ્રી અંજનશલાકા કરી પંજાબ દેશમાં વીચરતાં ગુજરાનવાલા ગામની અંદર જેઠસુદી ૭ ને દિવસે શરીર સારૂં ન હતું. સાંજના આહાર પાણી કર્યા પછી કેટલાક આર્યસમાજી તેમજ અન્ય જ્ઞાતિઓના ગૃહસ્થો સાથે વાતચીત કરી, સાંજના પ્રતિક્રમણ વિગેરે ધર્મક્રિયાઓ કરી, રાત્રિએ કેટલાક શ્રાવકો પાસે બેઠા હતા. તેમની સાથે વાતચીત પ્રસંગે મહારાજશ્રીએ કહ્યું કે અમો ચાર ગુરૂભાઈઓ હતા. તેમાંથી મુલચંદજી મહારાજ, વૃદ્ધિચંદજી મહારાજ તથા નીતિવિજયજી મહારાજ આ દુનિયામાંથી કુચ કરી ગયા છે. ફક્ત હું છું ને પણ કોણ જાણે કેટલા વખત માટે છું ? રાત્રિના અગીયાર વાગતા સુધી સર્વ સાધુઓ વૈયાવચ્ચ કરતા હતા. ત્યારબાદ સર્વ સાધુઓ નિદ્રાવશ થઈ ગયા પણ તેઓશ્રીને નિદ્રા આવતી નહોતી. રાત્રિનો થોડો સમય વીત્યા બાદ પોતાની પાસે સર્વ સાધુઓને બોલાવીને કહ્યું કે મારી જીવનદોરી હવે સમાપ્ત થાય છે. તેથી હું તમોને સર્વને ખમાવું છું. એમ કહી બન્ને હાથ જોડી મસ્તિષ્કે લગાડી "અરહંત" "અરહંત" એવું બે વખત ઉચ્ચારણ કરી, ત્રીજી વખત "અરહંત" બોલવા જાય છે કે જીવ સ્વર્ગપુરીમાં સીધાવી ગયો. ફક્ત શરીરનું ખોખું રહી ગયું. આ એક જગતના દીપક સમાન અને મણિ સમાન મહાત્મા એક ફાની દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગે સિધાવ્યા. વિગેરે અનેક દ્રષ્ટાન્તો અને હૃદયભેદકમહારાજશ્રીનું જીવનચરિત્ર કહી પોતાનું ભાષણ સંપૂર્ણ કર્યું હતું.

ત્યારબાદ પાદરાના વકીલ મોહનલાલ હેમચંદ તથા વડોદરાના વકીલ નંદલાલ લલ્લુભાઈ ઉપરોક્ત વિષય માટે અસરકારક બોલ્યા હતા. ત્યારબાદ સભા વિસર્જન થઈ હતી.

———

## શ્રી આગમોદય સમિતીની સુરત શહેરમાં મળેલી જનરલ મીટીંગ.

શહેર સુરતમાં શેઠ નેમુભાઈની વાડીમાં જેષ્ટ શુદિ ૫–૬–૭ નાં રોજ ઝવેરી મગનભાઈ પ્રતાપચંદના પ્રમુખપણા નીચે જનરલ મીટીંગ મળી હતી. જે વખતે બ્હારગામના અને સુરતના મેમ્બરો તથા ગ્રહસ્થોએ હાજરી આપી હતી. પ્રથમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મી. વલ્લભદાસ હાવાએ આમંત્રણપત્રિકા વાંચી સંભળાવ્યા બાદ ઉક્ત સમિતીનું ૧૯૭૩ ના વૈશાખ વદી ૦)) સુધીનો રીપોર્ટ શેઠ ચુનીલાલ છગનલાલ શરાફે તથા હીસાબ શેઠ ભોગીલાલ હાલાભાઇએ વાંચી સંભળાવ્યો હતો; ત્યારબાદ હીસાબ તથા રીપોર્ટ મંજુર કરવામાં આવ્યો હતો. બાદ બીજે દીવસે મુકવાના ઠરાવોની સબજેકટ કમીટી નીમવામાં આવી હતી. બીજે દીવસે સમીતીની વ્યવસ્થા સબંધી જરૂરી ઠરાવો મંજુર કરવામાં આવ્યા હતા જે સમીતી તરફથી છપાતા રીપોર્ટમાં આપવામાં આવશે. ત્યારબાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

## શ્રી મેસાણા પાઠશાળાનું ઇનામ સમારંભ.

શ્રી મેસાણા યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓની વાર્ષીક પરિક્ષા અમદાવાદ નીવાસી શ્રીયુત્ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ. એલ. બી. એ લીધી હતી. તેના ઈનામ આપવાનો એક મેલાવડો તા. ૨૨–૫–૧૭ ના રોજ શેઠ સુરચંદ મોતીચંદના પ્રમુખપણા નીચે કરવાનાં આવ્યો હતો. જે ઈનામો શેઠ ગોકળભાઇ મુળચંદનાં મર્હુમ પુત્રી બ્હેન ચંદનબ્હેન તરફથી અપાણાં. હતાં. આ પ્રસંગે પાઠશાળાના આ૦ સેક્રેટરી વલ્લભદાસ હાવાભાઇ દરેક કાર્યમાં ખંતપૂર્વક ઘણા પરિશ્રમ લેતા હોવાથી જૈન કેળવણી ખાતા તરફથી રૂા. ૩૧) અને શેઠ વેણીચંદ સુરચંદ તરફથી રૂા. ૧૦) મળી રૂા. ૪૧) તેમને બક્ષીસ આપવામાં આવ્યા હતા.

## એક નીચ અને સાધુદ્રોહીનું અયોગ્ય પગલું.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ)ના શિષ્ય મુનિરાજશ્રી અમરવિજયજી મહારાજ સ્વશિષ્યો સહિત હાલમાં ડીસા શહેરમાં બીરાજે છે, તેવા તેઓશ્રીના આ સભા ઉપર પત્રો પણ આવે છે, આવી હકીકત છતાં જૈન અને જૈનશાસન પત્રોમાં ઉક્ત મહાત્માના સ્વર્ગવાસ થયાના સમાચાર કોઈ નીચ અને બદમાસ સાધુદ્રોહી વ્યક્તિ તરફથી ખોટા છપાયેલ છે જે તદન અસત્ય છે. વળી તે ખબર ખોટા છે તેટલુંજ નહીં પરંતુ ગયી તા. ૨૭–૫–૧૯૧૭ ના જૈન પત્રના અંક ૨૧ માં જૈન પત્રના અધિપતિ તરફથી ખુલાસો કરવામાં આવ્યો છે કે તે ખોટા સમાચાર માટેનો પત્ર ભુતાજી ફીશ્રાજી તરફથી લખેલો છે અને તે કાગળ ઉપર છાપ પાલીતાણા પોસ્ટની છે, જેથી કોઇ નીચ–સાધુ દ્રોહીનું આ અધમ કૃત્ય છે, તેમ પુરવાર થાય છે.

આવા મુનિ મહારાજાઓના ખબર છાપતાં પહેલાં તેની ખાત્રી કરવાની નમ્ર વિનંતિ બંને પેપરોના અધિપતિને કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ થાય ? આ પ્રબંધમાં એજ મહાપુરૂષનું વિસ્તૃત વૃત્તાંત આપવામાં આવ્યું છે. કર્માશાહ કોણ હતા ? કયાં રહેતા હતા ? શી રીતે તેમણે ઉદ્ધાર કર્યો વિગેરે બાબતો જાણવી હોય તો આ આ પુસ્તક ચરિત્ર વાંચો. આ પ્રબંધના કર્ત્તા ખુદ તે વિદ્વાન્ છે, કે જેમણે એ ઉદ્ધાર કાર્યમાં સર્વથી મુખ્ય ભાગ ભજવ્યો હતો. શ્રીશત્રુંજય તીર્થનું આધુનિક અને પ્રાચિન પ્રમાણિક વર્ણન વાંચવું હોય અને તીર્થાધિરાજના મહત્વનું જ્ઞાન કરવું હોય તો એકવાર આ પુસ્તક અવસ્ય વાંચવું. આના પ્રારંભમાં સંપાદકે ૮૦ પૃષ્ટ જેટલી વિસ્તૃત ભૂમિકા, રસીલી હિંદી ભાષામાં લખી છે, જેમાં અનેકાનેક ઐતિહાસિક હકીકતો લખવામાં આવી છે. પ્રારંભમાં આદિનાથ ભગવાનના મહાન્ મંદિરનો સુંદર ફોટો પણ આપવામાં આવ્યો છે. કાગળ, છપાઇ, બાઇડીંગ વિગેરે સર્વે ઉત્તમ પ્રકારનું કરવામાં આવ્યું છે.

---

## કુવલયમાલા કથા.

### ( સંસ્કૃત ગ્રંથ. )

આ ગ્રંથના પ્રણેતા શ્રીમાન રત્નપ્રભસૂરિ છે. આ ગ્રંથ કથાનુયોગનો ઘણો જ રસિક છે. બહુજ રસિક ચરિત્રોનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. કષાયો પ્રાણીને સંસારમાં કેવી રીતે રખડાવે છે તેનું અદભૂત ચિત્ર આપવામાં આવેલું છે. એક વાર શરૂ કર્યા પછી પૂર્ણ કર્યા સિવાય હાથમાંથી આ ગ્રંથ છોડવાનું મન થતું નથી, સાથે સુંદર બોધ પણ આપેલો છે. એકંદર રીતે ઉત્તમ પંકિતનો ગ્રંથ છે. અને તે **સરલ સંસ્કૃત ભાષામાં** હોવાથી કોલેજ કે પાઠશાળામાં કે ઘેર બેઠા અભ્યાસ કરતા સંસ્કૃતના અભ્યાસીઓ–વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ખાસ ઉપયોગી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુંદર બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, કિંમત માત્ર રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

---

જલદી મંગાવો.

## સંસ્કૃતના અભ્યાસીઓને એક ઉમદા તક.

### ૧ શ્રી ગાંગેય ભંગ પ્રકરણ. ૨ મૃગાંક ચરિત્ર.

ઉપરના બંને સંસ્કૃત ગ્રંથો ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાઇ હાલમાં પ્રસિદ્ધ થયેલ છે. સંસ્કૃત અભ્યાસીઓને ખાસ ઉપયોગી હોવાથી તેનો સર્વ લાભ લઇ શકે તે હેતુથી કિંમત પ્રથમ ગ્રંથની રૂા. ૦–૨–૬ તથા બીજા ગ્રંથની રૂા. ૦–૧–૬ માત્ર નામની સાધારણ જ રાખેલી છે. પોસ્ટેજ જુદું. શ્રી જૈન આત્મવીર સભાએ પ્રસિદ્ધ કરેલ છે.

મળવાનું ઠેકાણું.

**શ્રી આત્માનંદ સભા—ભાવનગર.**

---

## સંસ્કૃતના અભ્યાસી મુનીમહારાજોને વિનંતિ.

શ્રી **શ્રાદ્ધવિધિ** મોટી ટીકા. શ્રીમાન રત્નશેખરસૂરિ કૃત તથા શ્રીબૃહત સંઘયણી શ્રીજિનભદ્રગણિ કૃત શ્રીમલયગિરિસૂરિ કૃત ટીકા સહિત ( આ બંને ગ્રંથો ) મુનિમહારાજ તથા જ્ઞાન ભંડારોને ભેટ આપવા માટે છપાઇ તૈયાર થયા છે જે થોડી મુદતમાં બહાર પડશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

સંઘવી રાયચંદ લલ્લુભાઇ ગોઘા બી૦ વ૦ લાઇફમેમ્બર.

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ “ સત્તરીસય ઠાણુ સટીક ” | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ “સિદ્ધ પ્રાભૃત સટીક” | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે, હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ “રત્નશેખરી કથા” | શા. હીરાચંદ મહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા ત. |
| ૪ “દાનપ્રદીપ” | શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત. |
| ૫ “શ્રીમહાવીર ચરિત્ર” શ્રી નેમચંદ્ર સૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદર. વાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ “ષટ્સ્થાનક પ્ર-સટીક” | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઇ માં-ગરોળવાળા તરફથી. |
| ૭ “બંધહેતૂદય ત્રિભંગી સટીક” | શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૮ “સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા” | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી. |
| ૯ “ચૈત્યવંદન મહાભાષ્ય” | શા. હરખચંદ મકનજી પ્રભાસ પાટણવાળા તરફથી. |
| ૧૦ “પ્રતિક્રમણ ગર્ભ હેતુ” | શા. મનસુખલાલ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી. |
| ૧૧ “સંસ્તાર પ્રકીર્ણ સટીક” | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી. |
| ૧૨ “શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક” | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી. |
| ૧૩ “ધર્મપરિક્ષા જિનમંડનગણિ કૃત” | બે શ્રાવિકાઓ તરફથી. |
| ૧૪ “પંચનિગ્રંથી સાવચૂરિ” | ૧૫ “પર્યંત આરાધના સાવચૂરિ” |
| ૧૬ “પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ” | ૧૭ “બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ” |
| ૧૮ ‘પંચસંગ્રહ” | શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી. |
| ૧૯ “ષડ્દર્શનસમુચ્ચય” | શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા તરફથી. |
| ૨૦ “ઉત્તરાધ્યયન સૂત્ર ”શ્રીમદ્ ભાવવિજયજી કૃત ટીકા. | બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી પાટણવાળા તરફથી. |
| ૨૧ શ્રી વિજયાનંદ કેવળી ચરિત્ર (મૂળ) | પાટણનિવાસી બેન રૂક્ષમણિ તરફથી. |

## હાલમાં નવા ગ્રંથોની છપાવવાની થયેલી યોજના.

१ प्राचिन जैन लेख संग्रह. (વિસ્તાર યુક્ત ટિપ્પણી અને ઉપોદ્ઘાત સાથે.)

२ विज्ञप्ति संग्रह.

३ विजयदेव महात्म्य. (બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહેતી સાથે.)

४ जैन ग्रंथ प्रशस्ति संग्रह. જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો. )

५ जैन ऐतिहासिक रास संग्रह. ६ प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.

७ लिंगानुशासन-स्वोपज्ञ टीका. ८ धातुपारायण.

For Private And Personal Use Only